કામકાજનો ટૂંકો અહેવાલ

# બારમી ગુજરાત વિધાનસભા

## છઠ્ઠું સત્ર

**(તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦ થી ૩૦મી માર્ચ, ૨૦૧૦)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**વિઠ્ઠલભાઈ પટેલ ભવન,**

**ગાંધીનગર.**

**૨૦૧૦**

C:\Documents and Settings\k\Desktop\new kaka tu\KAMKAJ NO TU AHEVAL\KAMKAJ NO TU KO AHEVAL.docx

## પ્ર સ્તા વ ના

આ પ્રકાશનમાં બારમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર **તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦ થી ૩૦મી માર્ચ, ૨૦૧૦** દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઈ પટેલ ભવન,
સેકટર નં. ૧૦,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
તારીખ :

**ડી. એમ. પટેલ,**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમાંક | વિષય | | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ૨. | | ૩. |
| ૧. | બારમી ગુજરાત વિધાનસભાનું છઠ્ઠા સત્ર **(તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦ થી ૩૦મી માર્ચ, ૨૦૧૦)** માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | | |
| ૨. | પત્રક ક્રમાંક : ૧ | સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી | |
| ૩. | પત્રક ક્રમાંક : ૨ | સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| ૪. | પત્રક ક્રમાંક : ૩ | સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી | |
| ૫. | પત્રક ક્રમાંક : ૪ | સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| ૬. | પત્રક ક્રમાંક : ૫ | ટૂંકી મુદતના,તારાંકિત,અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં) | |
| ૭. | પત્રક ક્રમાંક :૬ | ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૮. | પત્રક ક્રમાંક : ૭ | તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૯. | પત્રક ક્રમાંક : ૮ | અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૧૦. | પત્રક ક્રમાંક : ૯ | જુદા જુદા મંત્રીશ્રીઓના વારામાં દાખલ થયેલા અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી | |
| ૧૧. | પત્રક ક્રમાંક : ૧૦ | દાખલ કરવાના સરકારી વિધેયકો | |
| ૧૨. | પત્રક ક્રમાંક : ૧૧ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | |
| ૧૩. | પત્રક ક્રમાંક : ૧૨ | રાષ્ટ્રપતિશ્રી/ રાજયપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો | |
| ૧૪. | પત્રક ક્રમાંક : ૧૩ | સન ૨૦૧૦–૧૧ના વર્ષના અનુદાનો માટેની ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૫. | પત્રક ક્રમાંક : ૧૪ | સન ૨૦૦૯–૧૦ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૬. | પત્રક ક્રમાંક : ૧૫ | ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧) | |
| ૧૭. | પત્રક ક્રમાંક : ૧૬ | ધ્યાન દોરતી સૂચનાઓ ( નિયમ – ૧૧૬) | |
| ૧૮. | પત્રક ક્રમાંક : ૧૭ | દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો | |
| ૧૯. | પત્રક ક્રમાંક : ૧૮ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના (નિકાલ થયેલા) બિન સરકારી વિધેયકો | |
| ૨૦. | પત્રક ક્રમાંક :૧૯ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન સરકારી વિધેયકો | |
| ૨૧. | પત્રક ક્રમાંક : ૨૦ | બિન સરકારી સંકલ્પો ( નિયમ – ૧૧૭ ) | |
| ૨૨ | પત્રક ક્રમાંક : ૨૧ | વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| ૨૩ | પત્રક ક્રમાંક : ૨૨ | ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| ૨૪ | પત્રક ક્રમાંક : ૨૩ | રોજેરોજના કામકાજનો સારાંશ | |
| ૨૫ | પત્રક ક્રમાંક : ૨૪ | સત્રમાં સભ્યોએ ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| ૨૬ | પત્રક ક્રમાંક : ૨૫ | શોકદર્શક ઉલ્લેખ | |

# બારમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

## પ્રારંભિકઃ–

બારમી ગુજરાત વિધાનસભાનું છઠ્ઠું સત્ર બુધવાર, તા.૨૪–૨–૨૦૧૦ના રોજ શરૂ થયુ હતું અને મંગળવાર, તા.૩૦–૩–૨૦૧૦ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) હેઠળ અચોકકસ મુદત માટે મુલતવી રહયું હતું અને ત્યાર બાદ રાજયપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ **૨૨** દિવસ માટે મળી હતી અને તેમાં કુલ **૨૭** બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૧૦ કલાક કામ કર્યું હતું, જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૪ કલાક અને ૪ મિનિટ થાય છે.

**૧.** સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન–સરકારી વિધેયકો, નાણાંકીય, બિન–સરકારી પ્રસ્તાવો તથા સંકલ્પો તેમજ અન્ય કામકાજમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી **પત્રક ક્રમાંકઃ–૧** માં આપવામાં આવી છે.

**૨. ગૃહની બેઠકોની તારીખો અને સમય** :–

ગૃહની બેઠકોની તારીખો અને સમય **પત્રક ક્રમાંકઃ–૨**માં આપવામાં આવેલ છે.

**૩. હાજરીઃ–**

સત્ર દરમિયાન ૨૭ બેઠકોમાં વધારેમાં વધારે હાજરી ૧૪૧ અને ઓછામાં ઓછી હાજરી ૧૧૭ હતી અને સરેરાશ હાજરી ૧૩૧ હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક :–૩** માં અને સભ્યોની તારીખવાર હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંકઃ–૪** માં આપવામાં આવી છે.

**૪. રાજયપાલશ્રીનું સંબોધનઃ–**

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬(૧) અન્વયે રાજયપાલશ્રીએ બુધવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦ ના રોજ બપોરના ૧૨–૦૦ વાગે ગુજરાત વિધાનસભાને હિન્દીમાં સંબોધન કર્યું હતું. તે દિવસે સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે નામદાર રાજયપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેનું સભ્ય ડો.નીમાબેન આચાર્યએ સમર્થન કર્યું હતું. નામદાર રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર સભાગૃહમાં તા. ૩જી માર્ચના રોજની બે બેઠકો અને તા.૪થી માર્ચ,૨૦૧૦ ના રોજની એક બેઠક એમ કુલ ત્રણ બેઠકોમાં ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં કુલ ૪૩ સભ્યોએ ભાગ લીધો હતો. આભાર પ્રસ્તાવ ઉપર સુધારાની કુલ ૩૬ સભ્યોની ૩૬ સૂચનાઓ મળી હતી, જેમાંથી ૨૫ સુધારાની સૂચનાઓ માનનીય અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. તે પૈકી ૧૫ સભ્યશ્રીઓએ તેમના સુધારા રજૂ કર્યા હતા જયારે ૧૦ સુધારા પ્રભારી સભ્યશ્રીઓની અનુપસ્થિતિના કારણે રજૂ થઈ શકયા ન હતા. રજૂ થયેલા સુધારાઓનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો અને ચર્ચાના અંતે આભાર પ્રસ્તાવ મૂળ સ્વરૂપે પસાર કર્યો હતો.

**૫. ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોઃ–**

બારમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે **તા.૨૫/૨/૧૦ થી તા.૩૦/૩/૧૦** સુધીનો કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગત નીચે મુજબ છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની **૦૭**, તારાંકિત પ્રશ્નોની **૫૨૭૫** અને અતાંરાકિત પ્રશ્નોની **૧૧૧** સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો **પત્રક ક્રમાંકઃ–૫, ૬, ૭, અને ૮** માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી, તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની ચર્ચા થઈ તેની માહિતી **પત્રક ક્રમાંકઃ–૯** માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી કુલ–**૩૨૭૦** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને **૪૪** તારાંકિત પ્રશ્નોને અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. વધુમાં દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો પૈકી **૪૬** પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા હતા.

સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની **૫૦–૫૦** ની એક એવી **૨** યાદીઓ તેમજ નિયમ ૮૭(ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે **૪૧** અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા.

**૬. પ્રશ્નોત્તરીને લગતી માહિતીઃ–**

સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ–**૨૧** યાદીઓ ગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદીઓ પૈકી કુલ–**૨૦૨** પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ હતી

**૭. અરધા કલાકની ચર્ચા માટેની સૂચનાઃ–**

સત્ર દરમિયાન નિયમ–૯૨ અન્વયે અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની **કુલ–૦૫** સૂચનાઓ મળી હતી જે પૈકી ૦૧ સૂચના દાખલ થઈ હતી અને ગૃહમાં ચર્ચાઈ હતી

**૮. સરકારી વિધેયકો :–**

(૧) દાખલ કરવામાં આવેલા સરકારી વિધેયકો

સત્ર દરમિયાન સભાગૃહમાં કુલ ૧૦ સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યા હતાં. **જુઓ પત્રક ક્રમાંકઃ–૧૦**

(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો

સત્ર દરમિયાન કુલ ૧૦ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યાં હતાં અને ચર્ચાને અંતે પસાર કરવામાં આવ્યાં હતાં. **જુઓ પત્રક ક્રમાંક :–૧૧**

**વિધેયકોનું વર્ગીકરણ :–**

| | | |
|---|---|---|
| ૧. | ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો | .......... ૦૪ |
| ૨. | નવા વિધેયકો | ..........૦૧ |
| ૩. | અન્ય વિધેયકો | ......... ૦૫ |

**વિધેયકોનું વિષયવાર વર્ગીકરણઃ–**

| | | |
|---|---|---|
| ૧. | નાણાકીય બાબતોને લગતાં વિધેયકો | .........૦૪ |
| ૨. | જાહેર સેવાને લગતાં વિધેયકો | .........૦૧ |
| ૩. | શિક્ષણને લગતાં વિધેયકો | .........૦૪ |
| ૪. | અન્ય વિધેયકો | ........ ૦૧ |

**૯. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાષ્ટ્રપતિ /રાજયપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો :–**

બારમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી હતી તેવું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક– ૧૫ અને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૦નાં વિધેયક ક્રમાંક ૩ અને ૯ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં.**જુઓ પત્રક ક્રમાંકઃ–૧૨**

**૧૦. <u>નાણાકીય કામકાજ :–</u>**

**(૧) અંદાજપત્રઃ–**

**(ક) રજૂઆત :**

સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષ માટેનું કુલ રૂપિયા ૬,૯૫,૬૪,૬૨,૫૭,૦૦૦/– નું અંદાજપત્ર ગુરૂવાર તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૫,૫૭,૫૪,૭૫,૬૨,૦૦૦/–અને બિનમતપાત્ર રકમ રૂપિયા ૧,૩૮,૦૯,૮૬,૯૫,૦૦૦/– હતી.

**(ખ) સામાન્ય ચર્ચા :**

અંદાજપત્ર ઉપર તા. ૯ અને ૧૦ માર્ચ, ૨૦૧૦ના રોજ એમ કુલ ૨ દિવસો દરમિયાન સભાગૃહની ૪ બેઠકોમાં સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

**(ગ) માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

અંદાજપત્રની માગણીઓ ઉપર તા.૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૨, ૨૩, ૨૫ અને ૨૬મી માર્ચ,૨૦૧૦ના રોજ એમ કુલ ૧૨ દિવસ ચર્ચા અને મતદાન કરવામાં આવ્યું હતું. કુલ **૧૦૬** માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી **૫૧** માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **જુઓ પત્રક ક્રમાંકઃ–૧૩** ચર્ચા માટે રજૂ થયેલી બધી જ માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. જ્યારે બાકીની **૫૫** માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

**(ઘ) કાપદરખાસ્તો :**

અંદાજપત્રની માગણીઓ પર કુલ ૭૦૬ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી, તેમાંથી ૬૮૬ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. ૨૦ કાપદરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૬૮૬ કાપદરખાસ્તો પૈકી એક સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ ૪૨૦ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકી ૩૬૦ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

**(ચ) ગુજરાત વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત વિનિયોગ વિધેયક,૨૦૧૦ સોમવાર, તા.૨૯–૩–૨૦૧૦ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. ગુજરાત વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૮(૫) ની જોગવાઈ હેઠળ સભ્યશ્રીઓ ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુસર દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું. તદ્દઅનુસાર કુલ **૧૬** સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા. આ મુદ્દાઓ પરની ચર્ચા બાદ સભાગૃહે વિનિયોગ વિધેયક પસાર કર્યુ હતું.

**(૨) ખર્ચનું પૂરક પત્રક :–**

**(ક) રજૂઆત :**

સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષ માટેનું કુલ રૂા.૪૯,૧૭,૩૧,૨૩,૦૦૦/– ના ખર્ચનું પૂરક પત્રક ગુરૂવાર તાઃ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં મતપાત્ર રકમ રૂા. ૪૮,૦૪,૧૧,૯૮,૦૦૦ અને બિનમતપાત્ર રકમ રૂા. ૧,૧૩,૧૯,૨૫,૦૦૦ હતી.

**(ખ) પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાં કુલ ૯૩ માગણીઓનો સમાવેશ થયો હતો. તેમાંથી ૧૦ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. **જુઓ પત્રક ક્રમાંક :–૧૪** પસંદ થયેલી આ માગણીઓ પર શુક્રવાર તાઃ ૫–૩–૨૦૧૦ તથા સોમવાર તા. ૮–૩–૨૦૧૦ એમ કુલ–૨ દિવસ ચર્ચા કરવામાં આવી હતી અને તે વિના વિરોધે પસાર કરવામાં આવી હતી. જ્યારે બાકી રહેલી ૮૩ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

### (ગ) કાપદરખાસ્તો :

પૂરક માગણીઓ પર કુલ ૧૦૪ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી. તેમાંથી ૧૦૦ કાપ દરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. ૪ કાપદરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૧૦૦ કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનામાં સભ્યશ્રીઓનાં નામ જોડાતાં કુલ ૪૩ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જે પૈકી ૩૬ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

### (ઘ) ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક પર ચર્ચા :

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક ૨૦૧૦ મંગળવાર, તાઃ ૯–૩–૨૦૧૦ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું. આ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૫)ની જોગવાઈ મુજબ સભ્યો ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે ચર્ચામાં વધુ સભ્યો ભાગ લઈ શકે તે હેતુસર  દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું તદ્દનુસાર કુલ ૪ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા, જે બધા જ મંજૂર રાખવામાં આવ્યા હતા. ચર્ચા બાદ વિનિયોગ વિધયેક સભાગૃહે પસાર કર્યુ હતું.

## ૧૧. અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા અંગેનો પ્રસ્તાવ (નિયમ–૧૦૩):–

નિયમ–૧૦૩ હેઠળ અધ્યક્ષને અધ્યક્ષ પદેથી દૂર કરવા અંગેના  પ્રસ્તાવની સૂચના માન. સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણે (રામસિંહ પરમાર, ડૉ. અનિલભાઈ જોષીયારા અને અશ્વિનભાઈ કોટવાલ) તા.૨૬–૧૧–૨૦૦૯ના રોજ આપી હતી. જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ બારમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં  તા. ૧૭–૧૨–૨૦૦૯ના રોજ  પ્રથમ દિવસે સભાગૃહની પરવાનગી માટે રજૂ કરવાનો હતો  પરંતુ ઉકત પ્રસ્તાવના પ્રભારી સભ્યશ્રીઓએ આ પ્રસ્તાવને ચાલુ સત્ર એટલે કે બારમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં હાથ ન ધરવા માટે વિનંતી કરી હતી, તદઅનુસાર પાંચમા સત્રમાં આ પ્રસ્તાવ ગૃહની પરવાનગી માટે હાથ ધરવામાં આવ્યો ન હતો. ત્યારબાદ પ્રસ્તાવના પ્રભારી સભ્યશ્રીઓએ છઠ્ઠું સત્ર શરૂ થતા પહેલા એટલે કે તા. ૧૬–૨–૨૦૧૦ના રોજ પ્રસ્તાવની સૂચના પાછી ખેંચી લેવાની વિનંતી કરતાં  પ્રભારી સભ્યશ્રીઓની વિનંતી ગ્રાહય રાખવામાં આવી હતી. અને  પ્રભારી સભ્યશ્રીઓએ પ્રસ્તાવની સૂચના પાછી ખેંચી લીધી હતી.

## ૧૨. ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ–૧૦૧):–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવની કુલ–૧૨  સૂચનાઓ મળી હતી જે બધી દાખલ કરવામાં આવી હતી. દાખલ કરેલ સૂચનાઓ પૈકી વિ.સ.સ.શ્રી શૈલેષ  પરમારના" એસ.ટી. તંત્રને વધુ કાર્યક્ષમ બનાવવા બાબત" અને વિ.સ.સ. શ્રી ઋષિકેશ પટેલના " ભારત સરકારની તા.૧૩–૧–૨૦૧૦ની યાદીમાં સુધારા કરવા બાબત" ના પ્રસ્તાવોને તારીખ ૩૦/૩/૨૦૧૦ના રોજ ચર્ચા માટે હાથ ધરવા  કામકાજ સલાહકાર સમિતિએ એક એક કલાકનો સમય ફાળવ્યો હતો,  તદ્દનુસાર ઉકત પ્રસ્તવો તે દિવસે ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યા હતા અને  ચર્ચાને અંતે શ્રી શૈલેષ પરમારનો પ્રસ્તાવ મત પર મૂકવામાં આવતાં સભાગૃહે તેનો અસ્વીકાર કર્યો હતો અને શ્રી ઋષિકેશ પટેલે તેમના પ્રસ્તાવને સભાગૃહની અનુમતિથી પાછો ખેંચી લીધો હતો. દાખલ થયેલી બાકીની સૂચનાઓને કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવ્યો ન હોવાથી સત્ર સમાપ્ત થતાં તે રદ થઈ હતી. **જુઓ પત્રક ક્રમાંકઃ–૧૫**

## ૧૩. છેલ્લા દિવસનો  પ્રસ્તાવ (નિયમ–૧૦૨):–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–૧૨૪ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓનાં નામનું બેલટ તા.૨૨–૩–૨૦૧૦ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ  સભ્યશ્રી હીરાભાઈ પટેલે " ગુજરાતના પોલીસ દળને કાર્યક્ષમ બનાવવા બાબત" ના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર સત્રના છેલ્લા દિવસે એટલે કે  તા.૩૦–૩–૨૦૧૦ના રોજ ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

## ૧૪. ધ્યાન દોરતી સૂચના (નિયમ–૧૧૬):–

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માટે કુલ– ૫૩ સૂચનાઓ મળી હતી. તેમાંથી ૩૧ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૨૦ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી અને ૨ સૂચના નિયમ–૬૨(૧) ના પરંતુક મુજબ રદ થઈ હતી. દાખલ થયેલ ૩૧ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડી એકત્રિત કરીને ૧૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી, જે પૈકી ૧૧ સૂચનાઓ ઉપર સંબંધિત મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નિવેદન કર્યા હતાં. જયારે પ્રભારી સભ્યશ્રીની ગૃહમાં અનુપસ્થિતિને કારણે એક સૂચના સંબંધે નિવેદન થઈ શકયું ન હતું.**જુઓ પત્રક ક્રમાંકઃ–૧૬**

**૧૫. નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનોઃ–**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ દવારા **"ઝૂંપડાવાસીઓના પુનઃવસન/ પુનઃવિકાસ માટેના વિનિયમો"** અંગે તા.૩/૩/૨૦૧૦ના રોજ સભાગૃહમાં નિવેદન કરવામાં આવ્યું હતું.

**૧૬. બિન–સરકારી વિધેયકો :–**

**(૧) દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો :–**

સત્ર દરમિયાન કુલ ૯ બિન–સરકારી વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યા હતા. **જુઓ પત્રક ક્રમાંક :–૧૭**

દાખલ કરવામાં આવેલા બિન–સરકારી વિધેયકોનું વર્ગીકરણઃ–

(૧) ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતાં વિધેયકો . .....૦૦

(૨) નવા કાયદા બનાવતા વિધેયકો ..... ૦૯

બિન–સરકારી વિધેયકોનું વિષયવાર વર્ગીકરણઃ–

(૧) જાહેર સેવાને લગતા વિધેયકો ... ૦૯

(૨) શિક્ષણને લગતા વિધેયકો .... ૦૦

(૩) અન્ય બાબતોને લગતા વિધેયકો .....૦૦

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો :–**

સત્ર દરમિયાન કુલ ૯ વિધેયકો દાખલ કરવામાં આવ્યા હતા અને અગાઉના ચોથા સત્ર દરમિયાન સમયના અભાવે તથા પ્રભારી સભ્યશ્રીઓની સભાગૃહમાં અનુપસ્થિતિને કારણે હાથ ધરી શકાયાં ન હતાં તેવા કુલ ૬ બિન–સરકારી વિધેયકો તથા સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયાનું એક વિધેયક અગાઉ દાખલ કરવામાં આવ્યું હતું પરંતુ વિધેયકના પ્રભારી સભ્યશ્રી બાવળીયાએ વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપતાં તેમનું ઉકત વિધેયક સભાગૃહ સમક્ષ વિચારણા અર્થે પડતર હતું જે અંગે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ ઉકત વિધેયકના પહેલા વાંચનની પરવાનગી માગતા પ્રસ્તાવની સૂચના આપી હતી જે દાખલ કરવામાં આવી હતી તે મળીને કુલ ૧૬ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાનાં હતાં. જે પૈકી તા. ૪–૩–૨૦૧૦ના રોજ પહેલા , બીજા અને ત્રીજા વાંચન માટે કુલ–૪ બિન–સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં દર્શાવવામાં આવ્યાં હતાં તે પૈકી એક વિધેયકના પ્રભારી સભ્યશ્રીએ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લીધું હતું અને અન્ય ત્રણ વિધેયકોના પ્રભારી સભ્યશ્રીઓની સભાગૃહમાં અનુપસ્થિતિને કારણે વિધેયકો ચર્ચા માટે હાથ ધરી શકાયાં ન હતાં. તા. ૧૮–૩–૨૦૧૦ ના રોજ પહેલા , બીજા અને ત્રીજા વાંચન માટે કુલ–૪ બિન–સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં દર્શાવવામાં આવ્યાં હતાં તે પૈકી પ્રથમ ત્રણ વિધેયકો ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યા હતા. એક વિધેયક નામંજૂર કરવામાં આવ્યું હતું અને બે વિધેયકો ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી પાછાં ખેંચી લેવામાં આવ્યા હતા. તા. ૨૯–૩–૨૦૧૦ના રોજ પહેલા , બીજા અને ત્રીજા વાંચન માટે કુલ–૪ બિન–સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં દર્શાવવામાં આવ્યા હતા જે પ્રભારી સભ્યશ્રીઓની સભાગૃહમાં અનુપસ્થિતિને કારણે ચર્ચા માટે હાથ ધરી શકાયાં ન

હતાં. **જુઓ પત્રક ક્રમાંકઃ–૧૮** આમ સત્રાંતે કુલ– ૧૨ વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી રહયા હતા. **જુઓ પત્રક ક્રમાંકઃ–૧૯**

## ૧૭. બિન સરકારી સંકલ્પો (નિયમ –૧૧૭):–

બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા.૧૧–૩–૨૦૧૦ અને તા.૨૫–૩–૨૦૧૦ એમ બે દિવસો ફાળવવામાં આવ્યા હતા.

તા.૧૧–૩–૨૦૧૦ના પ્રથમ વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–૧૩૨ સૂચનાઓ મળી હતી. તેમાંથી બેલટમાં આવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી. જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ અને બીજા સંકલ્પ ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે પ્રથમ સંકલ્પ મત પર મૂકવામાં આવતાં તેનો અસ્વીકાર થયો હતો જયારે બીજા સંકલ્પનો સભાગૃહ ધ્વારા સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

તા.૨૫–૩–૨૦૧૦ના રોજના બીજા વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ–૧૨૦ સૂચનાઓ મળી હતી તેમાંથી બેલટમાં આવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક એક સૂચના આપી હતી જે ત્રણેય દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ અને બીજા સંકલ્પ ઉપર સભાગૃહમાં ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે બન્ને સંકલ્પોનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો હતો. **જુઓ પત્રક ક્રમાંકઃ–૨૦**

## ૧૮. સભાગૃહના અવમાનના કિસ્સાઃ–

**(૧)** તા. ૨૫/૨/૨૦૧૦ના રોજ સભાગૃહમાં અંદાજપત્રની રજૂઆત વખતે નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ પોતાની બેઠક ઉપર બેઠા બેઠા અંદાજપત્ર પ્રવચન વાંચવાની શરૂઆત કરતાં અને વિરોધપક્ષના નેતાશ્રી તરફથી આ રીતે બેઠા બેઠા અંદાજપત્ર પ્રવચન વાંચવાનો વિરોધ કરવામાં આવતાં માન. અધ્યક્ષશ્રીએ વિરોધપક્ષના નેતાશ્રી તથા વિરોધપક્ષના સભ્યોને જણાવ્યું હતું કે મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નાણા મંત્રીશ્રીને ઘુંટણનો દુઃખાવો થતો હોવાના કારણે તેઓ ઉભા રહીને અંદાજપત્ર પ્રવચન વાંચી શકે તેમ ન હોઈ તેમને બેસીને અંદાજપત્ર પ્રવચન વાંચવાની પરવાનગી આપવાની તેમને વિનંતી કરતાં તેમણે (માન.અધ્યક્ષશ્રીએ) તેનો સ્વીકાર કરીને નાણા મંત્રીશ્રીને તેમની જગ્યા ઉપર બેઠા બેઠા અંદાજપત્ર પ્રવચન વાંચવાની પરવાનગી આપી હતી, માન. અધ્યક્ષશ્રીએ આમ સ્પષ્ટતા કરવા છતાં વિરોધપક્ષના સભ્યો તરફથી તેનો વિરોધ કરવામાં આવ્યો હતો અને બાદમાં વિરોધપક્ષના તમામ સભ્યો સુત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા હતા. સભાત્યાગ કરી ગયા બાદ વિરોધપક્ષના સભ્યોએ અંદાજપત્ર પ્રવચનની નકલો ફાડીને તેની હોળી કરી હતી. તે બાબતે મુખ્ય દંડકશ્રીએ માન અધ્યક્ષશ્રીનું લેખિતમાં ધ્યાન દોર્યુ હતું અને સભાગૃહના અવમાનનો મુદો ઉપસ્થિત કરવા માન. અધ્યક્ષશ્રીની પરવાનગી માગી હતી. પરવાનગી આપતા પહેલા માન અધ્યક્ષશ્રીએ આ ઘટના સંબંધે વિરોધપક્ષના નેતાની સ્પષ્ટતા માગતા તેમના તરફથી માન અધ્યક્ષશ્રીને લેખિતમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી.

અવમાનની ઉકત ઘટના સંબંધમાં માન. અધ્યક્ષશ્રીએ તા. ૩૦/૩/૨૦૧૦ના રોજ સભાગૃહમાં રૂલીંગ આપતા જણાવ્યું હતું કે સભાગૃહનું ગૌરવ અને સંસદીય લોકશાહીની ઉચ્ચતમ પ્રણાલિકાને જીવંત રાખવાની જવાબદારી સૌ સભ્યોની છે. ગુજરાત વિધાનસભા ભવનમાં કોઈપણ પ્રકારના સરઘસ, દેખાવો કે સૂત્રોચ્ચાર કરવા તે માત્ર સભાગૃહનું અવમાન નથી પરંતુ સંસદીય લોકશાહીની પરંપરાનું પણ અવમાન છે. લોકશાહીમાં વિરોધપક્ષને રચનાત્મક વિરોધ કરવાનો અધિકાર છે પરંતુ જેને લોકશાહીનું મંદિર ગણવામાં આવે છે તેવા વિધાનસભા ભવનમાં અંદાજપત્ર બાળવા જેવી ઘટના બને તે યોગ્ય નથી. માન. અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે તેમણે નાણા મંત્રીશ્રીને બેસીને પ્રવચન કરવાની આપેલી પરવાનગીના વિરોધમાં દેખાવો કરવા અને અંદાજપત્ર બાળવું એ અધ્યક્ષના નિર્ણયનું અવમાન છે આવું પ્રદર્શન રાજકીય પ્રદર્શન ગણાય અને આવા પ્રદર્શન કરવાનો કોઈપણ પક્ષના સભ્યોને અધિકાર નથી. માન. અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે તા. ૨૫/૨/૨૦૧૦ના રોજ બનેલ ઘટના એ માત્ર સંસદીય લોકશાહીનું અવમાન કે ગૃહના અવમાનની જ ઘટના નથી પરંતુ લોકશાહીમાં શ્રધ્ધા રાખનારા સૌના માટે ચિંતા અને આઘાત ઉપજાવે તેવી બાબત છે અને આવા અઘટિત કૃત્ય માટે ખેદ થવો જોઈએ.

**(૨)** તા. ૨૩/૩/૨૦૧૦ના રોજ પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રી જવાહર ચાવડાએ એક પ્રશ્નનો જવાબ તેમને સંતોષકારક રીતે મળ્યો ન હોવાનું જણાવી તેઓ પ્રશ્નોત્તરી પૂરી થઈ ત્યાં સુધી પોતાની જગ્યા ઉપર ઉભા રહયા હતા. પ્રશ્નોત્તરી પૂરી થઈ તે પછી શાસક પક્ષના મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ અંગે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી માન. અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરતાં જણાવ્યું હતું કે મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સ્વર્ણિમ સોરઠના સંદર્ભમાં પ્રશ્નનો વિગતવાર જવાબ આપી દીધો છે ત્યારે સભ્યશ્રી જવાહર ચાવડાએ સન્માનનીય ગૃહની અંદર ઉભા રહીને જે પ્રકારનું પ્રદર્શન કરેલ છે તે ગુજરાત વિધાનસભાના નિયમોનો સરેઆમ ભંગ છે આના સમર્થનમાં મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સન. ૧૯૬૦થી ૧૯૮૪ના માન. અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પુસ્તકના પાના નં. ૮ તથા સન. ૧૯૮૫ થી ૨૦૦૨ ના પુસ્તકના પાના નં. ૧૦૫ ઉપરના નિર્ણય ટાંકયા હતાં. વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે આ બાબતમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યુ હતુ અને સભ્યશ્રી જવાહર ચાવડાના વર્તન સંબંધમાં દિલગીરી વ્યકત કરી હતી. મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે પણ પોતાનું મંતવ્ય વ્યકત કરી નિયમો તથા પ્રણાલિકાના સંદર્ભમાં માન. અધ્યક્ષશ્રીનું રૂલીંગ માગ્યું હતું.

ઉકત બાબતે માન. અધ્યક્ષશ્રીએ રૂલીંગ આપતા જણાવ્યું હતું કે કોઈ માન. સભ્યશ્રીને કોઈ જવાબ બાબતે અસંતોષ હોય તો તે માટેના અન્ય માર્ગો છે. સભ્યશ્રી જવાહર ચાવડા ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૯૨ હેઠળ ચર્ચા માગી શકયા હોત, મંત્રીશ્રીને રૂબરૂ મળી શકયા હોત. આ સભાગૃહમાં કોઈપણ મંત્રીશ્રીને શું જવાબ આપવો તેની ફરજ પાડી શકાતી નથી. ગૃહમાં સભ્ય કોઈપણ જાતનું ડેમોન્સ્ટ્રેશન કરી શકે નહિ. સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ પુસ્તકના પાના નં. ૪૧૪ ઉપરના અવલોકનો તથા રૂલીંગ નં. ૧૦૫નો સંદર્ભ ટાંકી માન. અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે આ સભાગૃહમાં કોઈ પણ પ્રકારનું ડેમોન્સ્ટ્રેશન કરી શકાય નહિ. સભ્યશ્રી ચાવડાનું કૃત્ય એ એક પ્રકારનું ડેમોન્સ્ટ્રેશન કહેવાય. ત્યારબાદ માન વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ અને સભ્યશ્રી જવાહર ચાવડાએ આ બનાવ અંગે દિલગીરી વ્યકત કરી હતી.

## ૧૯. પોઈન્ટ ઓફ ઓર્ડર :–

સત્ર દરમિયાન કુલ ૧૫ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા. તેમાંથી ૮ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા. ૬ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા અને ૧ પોઈન્ટ ઓફ ઓર્ડર અનિર્ણિત રાખવામાં આવેલ હતો. એટલે કે ૫૩.૩૩ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય, ૪૦.૦૦ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા ન હતા અને ૬.૬૭ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર અનિર્ણિત રાખવામાં આવ્યા હતા.

## ૨૦. યાદગાર બનાવોઃ–

### નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા ધ્વારા બેઠા બેઠા અંદાજપત્રની રજૂઆત કરાતાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષનો સભાત્યાગઃ

**૧.** તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૦ ના રોજ નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૦–૧૧ ના વર્ષ માટેના અંદાજપત્રનું પ્રવચન વાંચવાનું શરૂ કર્યું ત્યારે મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાએ નાણા મંત્રીશ્રી બેઠા બેઠા અંદાજપત્ર પ્રવચન વાંચી શકે તે માટે વિનંતી કરતાં, વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો કે સામાન્ય શિરસ્તો એવો રહયો છે કે નાણામંત્રીશ્રી ઉભા ઉભા જ અંદાજપત્રનું વાંચન કરતા હોય છે, બેસીને વાંચવાની પ્રથા નથી, નાણામંત્રીશ્રી બેઠા બેઠા અંદાજપત્ર વાંચી શકે તેવી મુખ્ય દંડકશ્રીની વિનંતી ગ્રાહય રાખી નાણામંત્રીશ્રીને અંદાજપત્ર પ્રવચન બેઠા બેઠા વાંચવાની માનનીય અધ્યક્ષશ્રીએ અનુમતિ આપતાં, તેની સામે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ વાંધો લઈ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા હતા. ત્યારબાદ નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૦–૧૧ ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન બેઠા બેઠા વાંચીને પુરૂં કર્યું હતું.

ઉકત બાબતે તા.૩૦મી માર્ચ, ૨૦૧૦ના રોજ સભાગૃહમાં માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતા જણાવ્યું કે નિયમ–૨૯ અન્વયે માંદગી કે અશકિતના કારણસર કોઈ પણ સભ્યને બેઠા બેઠા પ્રવચન કરવાની પરવાનગી આપવાની સત્તા અધ્યક્ષશ્રીને મળે છે અને આ સત્તાની રૂએ નાણામંત્રીશ્રીને બેઠા બેઠા પ્રવચન કરવાની આપેલ પરવાનગીના વિરોધમાં સભાત્યાગ કરવો તે અધ્યક્ષશ્રીના પદનું અવમાન છે, વળી સભાત્યાગ કર્યા બાદ વિધાનસભાની લોબીમાં સૂત્રોચ્ચાર કરવા સાથે અંદાજપત્ર પ્રવચનની નકલો સળગાવીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ

પહોંચાડવાની ઘટના અત્યંત દુઃખદ છે. સંસદીય લોકશાહીમાં ગૃહને લોકશાહીનું મંદિર ગણ્યું છે ત્યારે આવા અઘટિત કૃત્યો માટે ખેદ થવો જોઈએ એમ જણાવ્યું હતું.

**૨.** માનનીય અધ્યક્ષશ્રી ધ્વારા સચિન તેંડૂલકરને અભિનંદન.

તા.૨૬મી ફેબ્રુઆરી,૨૦૧૦ના રોજ મળેલ સભાગૃહની બેઠકમાં  માનનીય અધ્યક્ષશ્રીએ, અમદાવાદને છઠ્ઠી શતાબ્દી પૂર્ણ કરવા બદલ તેમજ સચિન તેંડૂલકરને વિશ્વવિક્રમો સર્જી વિશ્વમાં દેશનું નામ ઉજાગર કરવા બદલ સભાગૃહવતી અભિનંદન પાઠવ્યા હતા.

**૩.** માનનીય અધ્યક્ષશ્રીની પરવાનગી વગર મુદ્દો ઉપસ્થિત કરવા બદલ સભ્ય ડૉ. કનુભાઈ કળસરિયાને સભાગૃહમાંથી બહાર લઈ જવાયા.

તા. ૨૬મી ફેબ્રુઆરી,૨૦૧૦ના રોજ મળેલ ગૃહની બેઠકમાં પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા બાદ તરત જ સભ્ય ડૉ. કનુભાઈ કળસરિયાએ પોતાની જગ્યા ઉપર ઉભા થઈ મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને ચેરની તેમજ મંત્રીશ્રીની પરવાનગી લઈ મુદ્દો ઉપસ્થિત કરવાનું જણાવી રોકતાં, સભ્ય ડૉ. કનુભાઈ કળસરિયા વેલમાં ધસી આવ્યા હતા જેમને માનનીય અધ્યક્ષશ્રીના આદેશથી સાર્જન્ટ દવારા સભાગૃહમાંથી બહાર લઈ જવામાં આવ્યા હતા.

**૪.** પ્રશ્નોત્તરી દરમ્યાન મંત્રીશ્રીના જવાબથી અસંતોષ થતાં  સભ્યશ્રીએ પોતાના સ્થાન ઉપર ઉભા રહી વિરોધ પ્રદર્શિત કર્યો.

તા.૨૩મી માર્ચ,૨૦૧૦ ના રોજ મળેલી ગૃહની બીજી બેઠકમાં મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રશ્ન અગ્રતાક્રમઃ ૫ ના જવાબથી સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાએ અસંતોષ વ્યકત કરી સભાગૃહમાં પોતાના સ્થાન ઉપર ઉભા રહી વિરોધ પ્રદર્શિત કરીને સભાગૃહનું અને અધ્યક્ષશ્રીના આદેશોનું અવમાન કરેલ છે, એમ જણાવી અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ પુસ્તકના પાનાનંઃ ૫ ઉપરનો નિર્ણય ક્રમાંકઃ૮ ટાંકી  પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માંગ્યું હતું.

પ્રસ્તુત બાબતે વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ અને ૫૨ ટાંકી પોતાનું મંતવ્ય વ્યકત કરી સભ્યશ્રી ધ્વારા થયેલ વર્તન બદલ દિલગીરી વ્યકત કરી હતી વળી માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જયનારાયણ વ્યાસે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો–૧૯૮૫થી ૨૦૦૨ પુસ્તકનાં પાના નં–૧૦૫ પરનો નિર્ણય ટાંકી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું હતું અને સભ્યશ્રી જવાહરભાઈ ચાવડા એ પણ પોતાનું મંતવ્ય વ્યકત કર્યુ હતું.

માનનીય અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાને બે ભાગમાં વહેંચીને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, મંત્રશ્રીએ કેવો જવાબ આપવો તેના માટે કોઈ ફરજ પાડી શકાતી નથી. સભ્યશ્રી ચાવડાના વર્તન બાબતે માન. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાને મંત્રીશ્રીના જવાબથી સંતોષ ન થયો હોય તો આપણા નિયમોના નિયમ–૯૨ પ્રમાણે અથવા બીજી કોઈ રીતે ચર્ચા ઉપસ્થિત કરી શકાય. સભ્યશ્રીએ આ ઉપાયો હાથ ધરવાના બદલે પ્રશ્નોતરી કાળ દરમ્યાન સતત પોતાના સ્થાન ઉપર ઉભા રહીને વિરોધ પ્રદર્શિત કર્યો. જેનાથી સભાગૃહનું અને અધ્યક્ષશ્રીના આદેશોનું અવમાન થયેલ છે. પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયો આ સંદર્ભમાં પણ છે એમ જણાવી મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખીને સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાને દિલગીરી વ્યકત કરવાનો માન. અધ્યક્ષશ્રીએ આદેશ આપતાં સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાએ દિલગીરી વ્યકત કરી હતી.

## ૨૧. નાણાંકીય સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ **તા.૦૮–૦૩–૨૦૧૦**ના રોજ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર પંદર–પંદર સભ્યોની ચૂંટણી કરવા માટે સંયુકત ચૂંટણી કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી તથા શાસક પક્ષ અને વિરોધ પક્ષના દંડકોની વિનંતીનો સ્વીકાર કરી **તા.૧૫–૦૩–૨૦૧૦** ના રોજ સુધારેલા ચૂંટણી કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી.

## ૨૨. સમિતિની બેઠકોઃ–

| અ.નં | સમિતિનું નામ | બેઠકની તારીખ |
|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | ૨૩–૨–૨૦૧૦, ૧૨–૩–૨૦૧૦ અને ૨૩–૩–૨૦૧૦ |
| ૨ | બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | ૨–૩–૨૦૧૦, ૯–૩–૨૦૧૦, ૧૫–૩–૨૦૧૦, ૨૨–૩–૨૦૧૦ અને ૨૫–૩–૨૦૧૦ |
| ૩ | જાહેર હિસાબ સમિતિ | ૨૬–૩–૨૦૧૦ |
| ૪ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | ૨૫–૩–૨૦૧૦ |
| ૫ | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | ૩–૩–૨૦૧૦ |
| ૬ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ૨૩–૩–૨૦૧૦ |
| ૭ | વિશેષાધિકાર સમિતિ | ૨૬–૨–૨૦૧૦, ૧૫–૩–૨૦૧૦ અને ૨૫–૩–૨૦૧૦ |
| ૮ | ગૌણ વિધાન સમિતિ | ૨૯–૩–૨૦૧૦ |

**૨૩. સમિતિઓના અહેવાલોઃ–**

| અ.નં. | સમિતિનું નામ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | દસમો | ૨૪–૨–૨૦૧૦ | ૨૪–૨–૨૦૧૦ |
| | | અગિયારમો | ૧૬–૩–૨૦૧૦ | ૧૬–૩–૨૦૧૦ |
| | | બારમો | ૨૬–૩–૨૦૧૦ | ૨૬–૩–૨૦૧૦ |
| ૨ | બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | આઠમો | ૩–૩–૨૦૧૦ | ૩–૩–૨૦૧૦ |
| | | નવમો | ૧૦–૩–૨૦૧૦ | ૧૦–૩–૨૦૧૦ |
| | | દસમો | ૧૬–૩–૨૦૧૦ | ૧૬–૩–૨૦૧૦ |
| | | અગિયારમો | ૨૩–૩–૨૦૧૦ | ૨૩–૩–૨૦૧૦ |
| | | બારમો | ૨૬–૩–૨૦૧૦ | ૨૬–૩–૨૦૧૦ |
| ૩ | જાહેર સાહસો માટેની સમિતિ | નવમો, દસમો અને અગિયારમો | ૨૩–૩–૨૦૧૦ | – |
| ૪ | જાહેર હિસાબ સમિતિ | ત્રીજો | ૩૦–૩–૨૦૧૦ | – |
| ૫ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | પાંચમો, છઠ્ઠો અને સાતમો | ૨૯–૩–૨૦૧૦ | – |
| ૬ | સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિ | ત્રીજો | ૧૬–૩–૨૦૧૦ | – |
| ૭ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ચોથો | ૨૬–૩–૨૦૧૦ | – |
| ૮ | વિશેષાધિકાર સમિતિ | પહેલો | ૩૦–૩–૨૦૧૦ | – |
| ૯ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિ | પહેલો | ૩૦–૩–૨૦૧૦ | – |
| ૧૦ | ગૌણ વિધાન સમિતિ | પહેલો | ૩૦–૩–૨૦૧૦ | – |

## ૨૪. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ / અહેવાલો સિવાય)

| અ.નં. | વિગત | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| ૧ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૮–૦૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (વાણિજિયક)(અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૦ |
| ૨ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૮–૦૯ના વર્ષનો રાજયની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૦ |
| ૩ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૮–૦૯ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ પ્રાપ્તિ)(અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૦ |
| ૪ | ગુજરાત સરકારના સન ૨૦૦૮–૦૯ના વર્ષના નાણાકીય હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૦ |
| ૫ | ગુજરાત સરકારના સન ૨૦૦૮–૦૯ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦–૩–૨૦૧૦ |
| ૬ | સ્થાનિક ભંડોળ, હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૦૩–૦૪ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન. | ૩૦–૩–૨૦૧૦ |

## ૨૫. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો :–

ભારતના બંધારણ અથવા પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ કે કોર્પોરેશનના કુલ ૬૩ અહેવાલો અને ૩૩ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી. **જુઓ પત્રક ક્રમાંકઃ–૨૧**

## ૨૬. વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિ

બારમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તા. ૩૦/૦૩/૨૦૧૦ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં. | પક્ષનુ નામ | સભ્ય સંખ્યા |
|---|---|---|
| ૧. | ભારતીય જનતા પક્ષ | ૧૨૧ |
| ૨. | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫૫ |
| ૩. | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી | ૦૩ |
| ૪. | જનતાદળ (યુનાઈટેડ) | ૦૧ |
| ૫. | અપક્ષ | ૦૨ |
| | કુલ | ૧૮૨ |

## ૨૭. ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી :–

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણે સભાઓની તારીખવાર યાદી **પત્રક ક્રમાંક :–૨૨** માં આપવામાં આવી છે.

## ૨૮. રોજેરોજના કામકાજનો સારાંશ :–

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **પત્રક ક્રમાંકઃ–૨૩**માં આપવામાં આવ્યો છે.

**૨૯. વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળો :–**

સત્ર દરમિયાન સભ્યોએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **પત્રક ક્રમાંકઃ–૨૪** માં દર્શાવવામાં આવી છે.

**૩૦. શોક દર્શક ઉલ્લેખ :–**

સત્ર દરમિયાન કુલ ૮ (આઠ) મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. **જુઓ પત્રક ક્રમાંક :–૨૫**

**૩૧. સભાત્યાગઃ–**

**૧. તા.૨૫–૨–૨૦૧૦**

તા.૨૫–૨–૨૦૧૦ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન અગ્રતાક્રમ–૨ પરના સભ્યશ્રી ધીરસિંહ કરશનભાઈ બારડના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ–૧૧૫૯૮ના પૂરક પ્રશ્નના ગૃહ મંત્રીશ્રીએ આપેલ જવાબથી અસંતોષ વ્યકત કરી એક જ્ઞાતિનો નામજોગ ઉલ્લેખ કર્યો, આ જ્ઞાતિ સંબંધી ઉલ્લેખાયેલા શબ્દો, માનનીય અધ્યક્ષશ્રીએ મર્યાદા જાળવવાની ટકોર કરી કાર્યવાહીમાંથી કાઢી નાંખ્યા હતા તે તબકકે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**૨. તા.૨૫–૨–૨૦૧૦**

તા.૨૫–૨–૨૦૧૦ના રોજ અંદાજપત્રની રજૂઆત સમયે મુખ્ય દંડકશ્રીએ નાણા મંત્રીશ્રી બેઠા બેઠા અંદાજપત્ર વાંચી શકે તેવી વિનંતી કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તે ગ્રાહય રાખી નાણામંત્રીશ્રીને અંદાજપત્ર બેઠા બેઠા વાંચવાની અનુમતિ આપી હતી તે તબકકે વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વાંધો લઈ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**૩. તા.૨૫–૩–૨૦૧૦**

તા.૨૫–૩–૨૦૧૦ના રોજ આદિજાતિ વિકાસ વિભાગની માગણી પરની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી અમરસિંહ વસાવાએ પોતાના વકતવ્યમાં કરેલ નકસલવાદના ઉલ્લેખ બાદ, મંત્રીશ્રી ફકીરભાઈએ બેઠા બેઠા વાત કરી હતી તે બાબતે વિરોધપક્ષના નેતાશ્રીએ આદિવાસી વિસ્તારોમાં જેમને જમીન નથી મળી તેના માટે લડનારા સામાજિક સેવકોને નકસલવાદી છે એમ કરીને પોલીસ પૂરે છે. મંત્રીશ્રી તેનો ખુલાસો ન કરવાના હોય તો, અને આવું ખોટુ કરીએ તો નકસલવાદ આદિવાસીમાં ઉભો થાય, તેવું જણાવી, અંતરાય અને ઘોંઘાટ વચ્ચે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં હાજર વિરોધપક્ષના સભ્યો વેલમાં આવી ગયા હતા. સતત અંતરાય, સ્રત્રોચ્ચાર અને ઘોંઘાટ વચ્ચે માનનીય અધ્યક્ષશ્રીએ હાઉસ ઓર્ડરમાં આવશે તો જ વાત કરી શકાશે તેમ જણાવતાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

**૩૨. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકો :–**

| ક્રમ | વિગત | પ્રેક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અધ્યક્ષ ગેલેરી | ૫૬૩૧ |
| ૨ | અતિથિ વિશેષ ગેલેરી | ૨૩૦૭ |
| ૩ | પ્રેક્ષક ગેલેરી | ૭૬૫૬ |
| | **કુલ** | **૧૫૫૯૪** |

**પત્રક ક્રમાંક :–૧**

**(જુઓ ફકરા ક્રમાંકઃ–૧)**

સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી

| **દિવસોની સંખ્યા : ૨૨** | | **કુલ બેઠકો : ૨૭** | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **કામકાજનો વિષય** | **કલાક** | **મિનિટ** | **ટકાવારી** |
| ૧. | પ્રશ્નોત્તરી | ૨૧ | ૦૦ | ૧૯.૦૯ |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી | ૧૪ | ૪૬ | ૧૩.૪૨ |
| | (બ) બિન સરકારી | ૨ | ૦૩ | ૧.૮૬ |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | ૪૮ | ૩૧ | ૪૪.૧૧ |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભા મોકૂફીના પ્રસ્તાવો | – | – | – |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો | – | – | – |
| | (ક) બીજા પ્રસ્તાવો– સરકારી તેમજ **બિન–સરકારી સભ્યોના** તેમજ બીજા **પ્રસ્તાવો** સહિત | ૨ | ૫૦ | ૨.૫૮ |
| ૫. | રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા | ૭ | ૨૬ | ૬.૭૬ |
| ૬. | બિન સરકારી સંકલ્પો | ૩ | ૫૧ | ૩.૫૦ |
| ૭. | વૈદ્યાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | – | – | – |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦ | ૨૦ | ૦.૩૦ |
| ૯. | અન્ય બાબતો | ૯ | ૧૩ | ૮.૩૮ |
| **કુલ** | ..... ..... ...... | ૧૧૦ | **૦૦** | **૧૦૦** |

**પત્રક ક્રમાંક :–ર**

**(જુઓ ફકરા ક્રમાંકઃ–ર)**

સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| **કામકાજના દિવસો : ૨૨** | | | **સભાગૃહની બેઠકો : ૨૭** | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમાંક | વાર | તારીખ | બેઠકનો સમયગાળો | | રિશેષ | **બેઠકનો ખરેખર સમય** |
| | | | બેઠક શરૂ થવાનો સમય ક.–મિ. | બેઠક પૂરી થવાનો સમય ક.–મિ. | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | **૭** |
| ૧. | બુધવાર | ૨૪–૨–૧૦ | ૩.૦૦ | ૫.૧૫ | – | **૨.૧૫** |
| ૨. | ગુરૂવાર | ૨૫–૨–૧૦ | ૧૨.૦૦ | ૨.૪૫ | – | **૨.૪૫** |
| ૩. | શુક્રવાર | ૨૬–૨–૧૦ | ૮.૩૦ | ૧.૦૮ | ૦.૩૦ | **૪.૦૮** |
| ૪. | મંગળવાર | ૨–૩–૧૦ | ૧૨–૦૦ | ૭.૦૮ | ૦.૪૫ | **૬.૨૩** |
| ૫. | બુધવાર | ૩–૩–૧૦ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧.૦૦ | ૦.૩૦ | **૪.૦૦** |
| ૬. | " | (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૯ | ૦.૩૦ | **૩.૫૯** |
| ૭. | ગુરૂવાર | ૪–૩–૧૦ | ૧૨.૦૦ | ૩.૨૦ | ૦.૪૫ | **૨.૩૫** |
| ૮ | શુક્રવાર | ૫–૩–૧૦ | ૮.૩૦ | ૧૨.૪૯ | ૦.૩૦ | **૩.૪૯** |
| ૯. | સોમવાર | ૮–૩–૧૦ | ૧૨.૦૦ | ૪.૩૭ | ૦.૪૫ | **૩.૫૨** |
| ૧૦. | મંગળવાર | ૯–૩–૧૦ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૫૮ | ૦.૩૦ | **૩.૫૮** |
| ૧૧. | " | (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૩ | ૦.૩૦ | **૩.૫૩** |
| ૧૨ | બુધવાર | ૧૦–૩–૧૦ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧.૦૦ | ૦.૩૦ | **૪.૦૦** |
| ૧૩. | " | (બીજી બેઠક) | ૨.૩૦ | ૭.૦૦ | ૦.૩૦ | **૪.૦૦** |
| ૧૪. | ગુરૂવાર | ૧૧–૩–૧૦ | ૧૨.૦૦ | ૫.૧૩ | ૦.૪૫ | **૪.૨૮** |
| ૧૫. | શુક્રવાર | ૧૨–૩–૧૦ | ૮.૩૦ | ૧૨.૫૯ | ૦.૩૦ | **૩.૫૯** |
| ૧૬ | સોમવાર | ૧૫–૩–૧૦ | ૧૨.૦૦ | ૫.૧૭ | ૦.૪૫ | **૪.૩૨** |
| ૧૭ | મંગળવાર | ૧૬–૩–૧૦ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૫૭ | ૦.૩૦ | **૩.૫૭** |
| ૧૮. | " | (બીજી બેઠક) | ૨.૩૦. | ૬.૫૮ | ૦.૩૦ | **૩.૫૮** |
| ૧૯ | ગુરૂવાર | ૧૮–૩–૧૦ | ૧૨.૦૦ | ૫.૦૯ | ૦.૪૫ | **૪.૨૪** |
| ૨૦ | શુક્રવાર | ૧૯–૩–૧૦ | ૮.૩૦ | ૧.૦૦ | ૦.૩૦ | **૪.૦૦** |
| ૨૧ | સોમવાર | ૨૨–૩–૧૦ | ૧૨.૦૦ | ૫.૧૩ | ૦.૪૫ | **૪.૨૮** |
| ૨૨ | મંગળવાર | ૨૩–૩–૧૦ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૫૯ | ૦.૩૦ | **૩.૫૯** |
| ૨૩ | " | (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૮ | ૦.૩૦ | **૩.૫૮** |
| ૨૪ | ગુરૂવાર | ૨૫–૩–૧૦ | ૧૨.૦૦ | ૫.૦૮ | ૦.૩૪ | **૪.૩૪** |
| ૨૫ | શુક્રવાર | ૨૬–૩–૧૦ | ૮.૩૦ | ૧૨.૧૮ | ૦.૩૦ | **૩.૧૮** |
| ૨૬ | સોમવાર | ૨૯–૩–૧૦ | ૧૨.૦૦ | ૪.૩૮ | ૦.૪૫ | **૩.૫૩** |
| ૨૭ | મંગળવાર | ૩૦–૩–૧૦ | ૮.૩૦ | ૪.૨૫ | ૦.૩૦<br>૦.૩૦ | **૬.૫૫** |
| **કુલ** ..... ..... ..... ..... | | | | | | **૧૧૦–૦૦** |

પત્રક ક્રમાંક :–૩
(જુઓ ફકરા ક્રમાંકઃ–૩)
સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી
(માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્યદંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)

| અ.નુ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી જયંતિલાલ પરસોત્તમ ભાનુશાલી | ૧૬ | ૧૧ | ૨૭ | |
| ૨ | શ્રી ધનજીભાઈ ગોવિંદભાઈ સેંઘાણી | ૨૧ | ૬ | ૨૭ | |
| ૩ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૨૪ | ૩ | ૨૭ | |
| ૫ | ડૉ. નીમાબેન ભાવેશભાઈ આચાર્ય | ૨૨ | ૫ | ૨૭ | |
| ૬ | શ્રી બાબુભાઈ મેઘજી ગડા (શાહ) | ૨૭ | – | ૨૭ | |
| ૭ | શ્રી શંભુપ્રસાદ બળદેવદાસજી ટુંડિયા | ૧૯ | ૮ | ૨૭ | |
| ૮ | શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશી | ૨૭ | – | ૨૭ | |
| ૯ | શ્રી કિરીટસિંહ જીતુભા રાણા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦ | શ્રી ભરતભાઈ વશરામભાઈ ખોરાણી | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૧ | શ્રી દેવજીભાઈ ગોવિંદભાઈ ફતેપરા | ૧૨ | ૧૫ | ૨૭ | |
| ૧૨ | શ્રી હરિલાલ મોહનલાલ પટેલ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૩ | શ્રી કાન્તિલાલ શીવલાલ અમૃતિયા | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૪ | શ્રી મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંડારિયા | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૫ | શ્રી મહંમદ જાવીદ અબ્દુલમુતલીબ પીરઝાદા | ૧૪ | ૧૩ | ૨૭ | |
| ૧૬ | શ્રી ભરતભાઈ ખોડાભાઈ બોઘરા | ૨૭ | – | ૨૭ | |
| ૧૭ | શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ પટેલ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૮ | શ્રી વજુભાઈ વાળા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૯ | શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ બાબરીયા | ૨૭ | – | ૨૭ | |
| ૨૦ | શ્રી ચંદુભાઈ બચુભાઈ વઘાસીયા | ૧૬ | ૧૧ | ૨૭ | |
| ૨૧ | શ્રીમતી જસુબેન સવજીભાઈ કોરાટ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૨૨ | શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા | ૧૮ | ૯ | ૨૭ | |
| ૨૩ | શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ માંકડિયા | ૨૫ | ૨ | ૨૭ | |
| ૨૪ | શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ | ૨૫ | ૨ | ૨૭ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫ | પ્રો. વસુબેન ત્રિવેદી | ૨૭ | – | ૨૭ | |
| ૨૬ | શ્રી લાલજીભાઈ પ્રેમજીભાઈ સોલંકી | ૨૬ | ૧ | ૨૭ | |
| ૨૭ | શ્રી આર. સી. ફળદુ | ૨૭ | – | ૨૭ | |
| ૨૮ | શ્રી બ્રિજરાજસિંહ હેમંતસિંહ જાડેજા | ૧૫ | ૧૨ | ૨૭ | |
| ૨૯ | શ્રી મુળુભાઈ હરદાસભાઈ આયરબેરા | ૨૨ | ૫ | ૨૭ | |
| ૩૦ | શ્રી મેઘજી ડાયા કણઝારીયા | ૨૭ | – | ૨૭ | |
| ૩૧ | શ્રી પબુભા વિરમભા માણેક | ૯ | ૧૮ | ૨૭ | |
| ૩૨ | શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા | ૨૪ | ૩ | ૨૭ | |
| ૩૩ | શ્રી કરશનભાઈ દુલાભાઈ ઓડેદરા | ૧૨ | ૧૫ | ૨૭ | |
| ૩૪ | શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા | ૨૩ | ૪ | ૨૭ | |
| ૩૫ | શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ ચાવડા | ૨૩ | ૪ | ૨૭ | |
| ૩૬ | શ્રીમતી વંદનાબેન મનસુખભાઈ મકવાણા | ૨૭ | – | ૨૭ | |
| ૩૭ | શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ બારડ | ૧૫ | ૧૨ | ૨૭ | |
| ૩૮ | શ્રી રાજસીભાઈ વીરાભાઈ જોટવા | ૨૭ | – | ૨૭ | |
| ૩૯ | શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ | ૧૨ | ૧૫ | ૨૭ | |
| ૪૦ | શ્રી કનુભાઈ મેપાભાઈ ભાલાળા | ૨૭ | – | ૨૭ | |
| ૪૧ | શ્રી લવજીભાઈ ઠાકરશીભાઈ રાજાણી (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૪૨ | શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ મશરૂ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૪૩ | શ્રી બાવકુભાઈ નાથાભાઈ ઉંધાડ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૪૪ | શ્રી હનુભાઈ ધોરાજીયા | ૧૬ | ૧૧ | ૨૭ | |
| ૪૫ | શ્રી દિલીપ સંઘાણી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૪૬ | શ્રી મનસુખભાઈ પાંચાભાઈ ભુવા | ૧૯ | ૮ | ૨૭ | |
| ૪૭ | શ્રી ધીરસિંહભાઈ કરશનભાઈ બારડ | ૨૭ | – | ૨૭ | |
| ૪૮ | શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ સોલંકી | ૧૩ | ૧૪ | ૨૭ | |
| ૪૯ | શ્રી સૌરભ પટેલ(મંત્રીશ્રી) | – | – | – | |
| ૫૦ | શ્રી આત્મારામ મકનભાઈ પરમાર | ૨૫ | ૨ | ૨૭ | |
| ૫૧ | શ્રી મહેન્દ્રસિંહ પરાક્રમસિંહ સરવૈયા | ૨૩ | ૪ | ૨૭ | |
| ૫૨ | શ્રી કેશુભાઈ હીરજીભાઈ નાકરાણી | ૧૯ | ૮ | ૨૭ | |
| ૫૩ | શ્રી કાળુભાઈ વીરાણી | ૨૨ | ૫ | ૨૭ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૪ | ડૉ. કનુભાઈ વાલાભાઈ કલસરીયા | ૨૨ | ૫ | ૨૭ | |
| ૫૫ | શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ મકવાણા | ૨૧ | ૬ | ૨૭ | |
| ૫૬ | શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ સોલંકી (મંત્રીશ્રી) | – | – | – | |
| ૫૭ | શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ દવે | ૨૭ | – | ૨૭ | |
| ૫૮ | શ્રી શક્તિસિંહ હરિચંદ્રસિંહ ગોહિલ ( વિરોધપક્ષના નેતાશ્રી) | – | – | – | |
| ૫૯ | શ્રી રણછોડભાઈ કરશનભાઈ મેર | ૨૧ | ૬ | ૨૭ | |
| ૬૦ | શ્રી કાનજીભાઈ રાયાભાઈ તળપદા | ૨૭ | – | ૨૭ | |
| ૬૧ | શ્રી કાંતિલાલ રામાભાઈ લકુમ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૬૨ | શ્રી પ્રાગજીભાઈ નારણભાઈ પટેલ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૬૩ | શ્રી કમાભાઈ ગગજીભાઈ રાઠોડ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૬૪ | શ્રી અમિત શાહ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૬૫ | શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૬૬ | શ્રી કલ્યાણસિંહ દેહરસિંહ ચૌહાણ | ૨૭ | – | ૨૭ | |
| ૬૭ | શ્રીમતી ગીતાબેન યોગેશભાઈ પટેલ | ૨૭ | – | ૨૭ | |
| ૬૮ | શ્રી રાકેશ જશવંતલાલ શાહ | ૨૭ | – | ૨૭ | |
| ૬૯ | શ્રી ભરતકુમાર ચીમનલાલ બારોટ | ૨૭ | – | ૨૭ | |
| ૭૦ | શ્રી ગ્યાસુદીન હબીબુદીન શેખ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૭૧ | શ્રી મોહંમદ ફારુક હુસેનમીયાં શેખ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૭૨ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા (મુખ્ય દંડકશ્રી) | – | – | – | |
| ૭૩ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડિયા | ૨૩ | ૪ | ૨૭ | |
| ૭૪ | શ્રી શૈલેષ મનહરભાઈ પરમાર | ૨૭ | – | ૨૭ | |
| ૭૫ | શ્રી અશોક ભટ્ટ ( અધ્યક્ષશ્રી) | – | – | – | |
| ૭૬ | શ્રી સાબીરભાઈ અબ્દુલકરીમ ખેડાવાલા, | ૧૬ | ૧૧ | ૨૭ | |
| ૭૭ | શ્રી નરેન્દ્ર મોદી (મુખ્યમંત્રીશ્રી) | – | – | – | |
| ૭૮ | ડૉ. માયાબેન સુરેન્દ્રકુમાર કોડનાની | ૨૪ | ૩ | ૨૭ | |
| ૭૯ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૨૩ | ૪ | ૨૭ | |
| ૮૦ | શ્રી સુરેશકુમાર ચતુરદાસ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૮૧ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૮૨ | શ્રીમતી જશોદાબેન ચતુરભાઈ પરમાર | ૨૭ | – | ૨૭ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૩ | શ્રી અનિલકુમાર ત્રિભોવનદાસ પટેલ, | ૧૨ | ૧૫ | ૨૭ | |
| ૮૪ | પ્રો. મંગળદાસ માધવદાસ પટેલ | ૨૭ | – | ૨૭ | |
| ૮૫ | શ્રી કાંતિભાઈ રામાભાઈ પટેલ | ૨૭ | – | ૨૭ | |
| ૮૬ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૮૭ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી | ૨૬ | ૧ | ૨૭ | |
| ૮૮ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૮૯ | શ્રી જયનારાયણ વ્યાસ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૦ | શ્રી જોધાજી ગલાબજી ઠાકોર | ૨૬ | ૧ | ૨૭ | |
| ૯૧ | શ્રીમતી આનંદીબેન મફતભાઈ પટેલ, (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૨ | શ્રી રજનીકાંત સોમાભાઈ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૯૩ | શ્રી ભાવસિંહભાઈ ડાહયાભાઈ રાઠોડ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૯૪ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી | ૨૬ | ૧ | ૨૭ | |
| ૯૫ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ (મંત્રીશ્રી) | – | – | – | |
| ૯૬ | શ્રી અનીલકુમાર અમૃતલાલ માળી | ૨૭ | – | ૨૭ | |
| ૯૭ | શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ | ૨૧ | ૬ | ૨૭ | |
| ૯૮ | શ્રી લીલાધરભાઈ ખોડાજી વાઘેલા | ૨૭ | – | ૨૭ | |
| ૯૯ | શ્રી મફતલાલ મોતીરામ પુરોહિત | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૦૦ | શ્રી ગોવિંદભાઈ માધવલાલ પ્રજાપતિ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૦૧ | શ્રી ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૨ | શ્રી વસંતકુમાર પરથીભાઈ ભટોળ | ૨૪ | ૩ | ૨૭ | |
| ૧૦૩ | શ્રી અશ્વિન કોટવાલ | ૨૧ | ૬ | ૨૭ | |
| ૧૦૪ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા (મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૫ | ડૉ.અનિલ જોષીયારા | ૨૭ | – | ૨૭ | |
| ૧૦૬ | શ્રી પ્રફુલભાઈ ખોડાભાઈ પટેલ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૦૭. | શ્રી જયસિંહજી માનસિંહજી ચૌહાણ(મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૦૮ | શ્રી દિલીપસિંહજી વખતસિંહજી પરમાર | ૨૭ | – | ૨૭ | |
| ૧૦૯ | શ્રી ઉદેસિંહ પુંજાજી ઝાલા | ૧૦ | ૧૭ | ૨૭ | |
| ૧૧૦ | શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૧૧ | શ્રી પરંજયાદિત્યસિંહજી કૃષ્ણકુમારસિંહજી પરમાર | ૧૮ | ૯ | ૨૭ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૨ | શ્રી દીતાભાઈ ભીમાભાઈ મછાર | ૨૭ | – | ૨૭ | |
| ૧૧૩ | શ્રી બચુભાઈ નાથાભાઈ કિશોરી | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૧૪ | શ્રી વજેસિંગભાઈ  પારસિંગભાઈ પણદા | ૨૭ | – | ૨૭ | |
| ૧૧૫ | શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઈ બારીયા | ૨૭ | – | ૨૭ | |
| ૧૧૬ | શ્રી તુષારસિંહ કનકસિંહ મહારાઉલ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૧૭ | શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ | ૨૧ | ૬ | ૨૭ | |
| ૧૧૮ | શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૧૯ | શ્રી અરવિંદસિંહ દામસિંહ રાઠોડ | ૧૭ | ૧૦ | ૨૭ | |
| ૧૨૦ | શ્રી સી.કે.રાઉલજી | ૨૧ | ૬ | ૨૭ | |
| ૧૨૧ | શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ ભરવાડ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૨૨ | શ્રી હીરાભાઈ હરીભાઈ પટેલ | ૨૭ | – | ૨૭ | |
| ૧૨૩ | શ્રી જશવંતસિંહ સુમનભાઈ ભાભોર(મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૨૪ | શ્રી માનસિંહ કોહયાભાઈ ચૌહાણ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૨૫ | શ્રી મણીભાઈ દેવજીભાઈ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૨૬ | શ્રી રામસિંહ પ્રભાતસિંહ પરમાર | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૨૭ | શ્રી લાલસિંહ ઉદેસિંહ વડોદીયા | ૨૭ | – | ૨૭ | |
| ૧૨૮ | શ્રી ગૌતમભાઈ જેસંગભાઈ ઝાલા | – | ૨૭ | ૨૭ | |
| ૧૨૯ | શ્રી સુંદરસિંહ ભલાભાઈ ચૌહાણ (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૩૦ | શ્રી નટવરસિંહ ફૂલસિંહ ઠાકોર | ૨૭ | – | ૨૭ | |
| ૧૩૧ | શ્રી પંકજકુમાર વિનુભાઈ દેસાઈ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૩૨ | શ્રી શંકરભાઈ દેસાઈભાઈ વાઘેલા | ૨૭ | – | ૨૭ | |
| ૧૩૩ | શ્રીમતી જયોત્સનાબેન રાજુભાઈ પટેલ | ૨૪ | ૩ | ૨૭ | |
| ૧૩૪ | શ્રી જયંતભાઈ રમણભાઈ પટેલ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૩૫ | શ્રી નિરંજન પટેલ | ૨૧ | ૬ | ૨૭ | |
| ૧૩૬ | શ્રી અંબાલાલ આશાભાઈ રોહિત (નાયબ મુ.દંડકશ્રી) | – | – | – | |
| ૧૩૭ | શ્રી દેવુસિંહ જેસીંગભાઈ  ચૌહાણ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૩૮ | શ્રી અમિતકુમાર  અજિતકુમાર ચાવડા | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૩૯ | શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ પરમાર | ૨૫ | ૨ | ૨૭ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪૦ | શ્રી શિરીષકુમાર મધુસુદન શુક્લ | ૨૭ | – | ૨૭ | |
| ૧૪૧ | શ્રી ગુલસિંગભાઈ રંગલાભાઈ રાઠવા | ૨૭ | – | ૨૭ | |
| ૧૪૨ | શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા | ૨૪ | ૩ | ૨૭ | |
| ૧૪૩ | શ્રી ધીરુભાઈ ચુનીલાલ ભીલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૪૪ | શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી | ૨૭ | – | ૨૭ | |
| ૧૪૫ | શ્રી સિધ્ધાર્થ ચીમનભાઈ પટેલ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૪૬ | શ્રી ખુમાનસિંહ રાયસિંહ ચૌહાણ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૪૭ | શ્રી ભુપેન્દ્રભાઈ ગટુલાલ લાખાવાળા | ૨૭ | – | ૨૭ | |
| ૧૪૮ | શ્રી જીતેન્દ્ર સુખડીયા | ૨૭ | – | ૨૭ | |
| ૧૪૯ | શ્રી યોગેશ પટેલ (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૫૦ | શ્રી મધુભાઈ બાબુભાઈ શ્રીવાસ્તવ | ૮ | ૧૯ | ૨૭ | |
| ૧૫૧ | શ્રી ઉપેન્દ્રસિંહ પ્રતાપસિંહ ગોહિલ | ૨૭ | – | ૨૭ | |
| ૧૫૨ | શ્રી દિનેશભાઈ બી.પટેલ | ૧૦ | ૧૭ | ૨૭ | |
| ૧૫૩ | શ્રી ચંદુભાઈ મોતીભાઈ ડાભી | ૨૭ | – | ૨૭ | |
| ૧૫૪ | શ્રી કિરણકુમાર લક્ષ્મણભાઈ મકવાણા | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૫૫ | શ્રી ઈકબાલ પટેલ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૫૬ | શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત પટેલ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૫૭ | શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૫૮ | શ્રી છોટુભાઈ અમરસિંહભાઈ વસાવા | ૩ | ૨૪ | ૨૭ | |
| ૧૫૯ | શ્રી અમરસિંહ રામસિંહ વસાવા | ૨૭ | – | ૨૭ | |
| ૧૬૦ | શ્રી હર્ષદભાઈ ચુનીલાલ વસાવા (સંસદીય સચિવશ્રી) | – | – | – | |
| ૧૬૧ | શ્રી પરેશભાઈ ગોવિંદભાઈ વસાવા | ૨૭ | – | ૨૭ | |
| ૧૬૨ | શ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ વસાવા | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૬૩ | શ્રી પ્રભુભાઈ નાગરભાઈ વસાવા | ૨૭ | – | ૨૭ | |
| ૧૬૪ | શ્રી પુનાભાઈ ઢેડાભાઈ ગામીત | ૨૭ | – | ૨૭ | |
| ૧૬૫ | શ્રી ઈશ્વરભાઈ નરસિંહભાઈ વહીયા | ૨૭ | – | ૨૭ | |
| ૧૬૬ | શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ હળપતિ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૬૭ | શ્રીમતી ભારતીબેન અમૃતભાઈ રાઠોડ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૬૮ | શ્રી કિરીટભાઈ ગંગારામભાઈ પટેલ | ૨૪ | ૩ | ૨૭ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬૯ | શ્રી નાનુભાઈ ભગવાનભાઈ વાનાણી | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૭૦ | શ્રી રણજીતભાઈ મંગુભાઈ ગિલીટવાલા | ૨૭ | – | ૨૭ | |
| ૧૭૧ | શ્રી કિશોર  વાંકાવાલા | ૨૭ | – | ૨૭ | |
| ૧૭૨ | શ્રી નરોત્તમભાઈ પટેલ(મંત્રીશ્રી) | – | – | – | |
| ૧૭૩ | શ્રી આર.સી. પટેલ | ૪ | ૨૩ | ૨૭ | |
| ૩૩ | ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૬–૩–૨૦૧૦ |

| | | |
|---|---|---|
| ૩૪ થી ૩૬ | ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના સન ૨૦૦૭–૨૦૦૮ અને ૨૦૦૮–૨૦૦૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ રીમાર્કસ તથા સન ૨૦૧૦–૨૦૧૧નું અંદાજપત્ર અને સન ૨૦૦૯–૨૦૧૦નું સુધારેલ અંદાજપત્ર તેમજ સન ૨૦૦૭–૨૦૦૮ના વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૬–૩–૨૦૧૦ |
| ૩૭ | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૬–૩–૨૦૧૦ |
| ૩૮ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૬–૩–૨૦૧૦ |
| ૩૯ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૬–૩–૨૦૧૦ |
| ૪૦ અને ૪૧ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૦૬–૨૦૦૭ અને સન ૨૦૦૭–૨૦૦૮ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટરજનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો | ૨૬–૩–૨૦૧૦ |
| ૪૨ અને ૪૩ | સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૦૫–૨૦૦૬ અને સન ૨૦૦૬–૨૦૦૭ના વાર્ષિક ઓડિટ અહેવાલો, તેના ઉપર લેવાયેલ પગલાનાં નિવેદનો, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો | ૨૬–૩–૨૦૧૦ |
| ૪૪ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૬–૩–૨૦૧૦ |
| ૪૫ | આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૬–૩–૨૦૧૦ |
| ૪૬ અને ૪૭ | ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડના સન ૨૦૦૭–૨૦૦૮ અને સન ૨૦૦૮–૨૦૦૯ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા સન ૨૦૦૭–૨૦૦૮ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૬–૩–૨૦૧૦ |
| ૪૮ અને ૪૯ | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ અને હિસાબ | ૨૬–૩–૨૦૧૦ |
| ૫૦ | ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૯–૩–૨૦૧૦ |
| ૫૧ | ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯–૩–૨૦૧૦ |
| ૫૨ | ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની | ૨૯–૩–૨૦૧૦ |

| | | |
|---|---|---|
| | કામગીરી અંગેની સરકારની સમીક્ષા | |
| ૫૩ | ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯–૩–૨૦૧૦ |
| ૫૪ | ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯–૩–૨૦૧૦ |
| ૫૫ | ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯–૩–૨૦૧૦ |
| ૫૬ | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ | ૨૯–૩–૨૦૧૦ |
| ૫૭ | ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૯–૩–૨૦૧૦ |
| ૫૮ | ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહના અસ્વીકારના કિસ્સા માટે સરકારની સ્પષ્ટીકરણાત્મક યાદી | ૩૦–૩–૨૦૧૦ |
| ૫૯ | ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૬–૨૦૦૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૩૦–૩–૨૦૧૦ |
| ૬૦ | ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૩૦–૩–૨૦૧૦ |
| ૬૧ અને ૬૨ | ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના સન ૨૦૦૬–૨૦૦૭ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ અને સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ તથા સન ૨૦૦૬–૨૦૦૭ના વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૩૦–૩–૨૦૧૦ |
| ૬૩ | કથિત પોલિસ હુમલાના કારણે લેફ્ટ.કર્નલ (નિવૃત્ત) પ્રતાપ રઘુનાથ સાવેના નિપજેલા મોતની તપાસ અર્થે નીમવામાં આવેલા માનનીય ન્યાયાધીશ શ્રી જે. પી. દેસાઈ તપાસ પંચનો અહેવાલ | ૩૦–૩–૨૦૧૦ |

**પત્રક ક્રમાંક :–૨૨**
**(જુઓ ફકરા ક્રમાંક :– ૨૭)**
**ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી**

**ફેબ્રુઆરી , ૨૦૧૦**

| | |
|---|---|
| **બુધવાર, તા.૨૪મી** | **(૧) રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવની રજૂઆત**<br>સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે નામદાર રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો.<br>**(૨) શોકદર્શક ઉલ્લેખો**<br>ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી ચીમનભાઈ અમીચંદ મહેતા તથા પૂર્વ સભ્યશ્રીઓ સ્વ. શ્રી વિનોદચંદ્ર જેઠાલાલ પટેલ, સ્વ.શ્રી મનુભાઈ અંબાશંકર ત્રિવેદી અને સ્વ. શ્રી ધીરજલાલ ધનીલાલ જયસ્વાલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.<br>**(૩) સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૦નું ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br>(૨) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૦નું સેન્ટર ફોર એન્વાયર્નમેંટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી (સુધારા) વિધેયક ( ચર્ચા અધૂરી) |
| **ગુરુવાર, તા. ૨૫મી** | (૧) સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત<br>(૨) સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત |
| **શુક્રવાર, તા. ૨૬મી** | **સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૦નું સેન્ટર ફોર એન્વાયર્નમેંટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br>(૨) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૩– સન ૨૦૧૦નું ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) વિધેયક<br>(૩) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૦નું ધી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત વિધેયક (ચર્ચા અધૂરી) |
| **શનિવાર, તા. ૨૭મી** | જાહેર રજા ( ઈદ–એ–મિલાદ–ઉન્નબી) |
| **રવિવાર, તા. ૨૮મી** | રજા |
| માર્ચ ૨૦૧૦ | |
| સોમવાર, તા. ૧લી | જાહેર રજા (ધૂળેટી) |
| મંગળવાર, તા. ૨જી | **સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૦નું ધી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત વિધેયક |

| | |
|---|---|
| | (૨) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૦નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક |
| બુધવાર, તા. ૩જી | **પ્રથમ બેઠક**<br>રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)<br>**બીજી બેઠક**<br>રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) |
| ગુરુવાર, તા. ૪થી | **(૧)** રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)<br>**(૨)** બિન–સરકારી વિધેયકો |
| શુક્રવાર, તા. ૫મી | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ) |
| શનિવાર, તા. ૬ઠ્ઠી | **બેઠક નથી** |
| રવિવાર, તા. ૭ મી | **રજા** |
| સોમવાર, તા. ૮મી | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો અને છેલ્લો દિવસ) |
| મંગળવાર, તા. ૯મી | **પ્રથમ બેઠક**<br>અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)<br>**બીજી બેઠક**<br>(૧) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)<br>(૨) **સરકારી વિધેયક**<br>સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૯– સન ૨૦૧૦નું ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક |
| બુધવાર, તા. ૧૦મી | **પ્રથમ બેઠક**<br>અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( ત્રીજો દિવસ)<br>**બીજી બેઠક**<br>અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) |
| ગુરુવાર, તા. ૧૧મી | (૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)<br>(૨) બિન–સરકારી સંકલ્પો |
| શુક્રવાર, તા. ૧૨મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બીજો દિવસ) |
| શનિવાર, તા. ૧૩મી | **રજા** |

| | |
|---|---|
| રવિવાર, તા. ૧૪ મી | **રજા** |
| સોમવાર, તા. ૧૫ મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ત્રીજો દિવસ) |
| મંગળવાર, તા. ૧૬મી | **પહેલી બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન ( ચોથો દિવસ )<br>**બીજી બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ ) |
| બુધવાર, તા. ૧૭ મી | જાહેર રજા ( ચેટીચાંદ) |
| ગુરુવાર, તા. ૧૮મી | (૧) **શોકદર્શક ઉલ્લેખ**<br>ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. ડૉ. કેશવભાઈ રતનજી પટેલના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ.<br>(૨) માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ)<br>(૩) બિન–સરકારી વિધેયકો |
| શુક્રવાર, તા. ૧૯ મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ) |
| શનિવાર, તા. ૨૦મી | **બેઠક નથી** |
| રવિવાર, તા. ૨૧ મી | **રજા** |
| સોમવાર, તા. ૨૨મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( આઠમો દિવસ) |
| મંગળવાર, તા. ૨૩મી | **પહેલી બેઠક**<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન ( નવમો દિવસ)<br>**બીજી બેઠક**<br>(૧) **શોકદર્શક ઉલ્લેખ**<br>ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મંત્રી સ્વ.શ્રી પરસોત્તમભાઈ રવજીભાઈ મકવાણાના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ.<br>(૨) માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ) |
| બુધવાર, તા. ૨૪ મી | જાહેર રજા ( રામનવમી) |
| ગુરુવાર, તા. ૨૫મી | (૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન ( અગિયારમો દિવસ)<br>(૨) બિન–સરકારી સંકલ્પો |
| શુક્રવાર, તા. ૨૬મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ) |

| | |
|---|---|
| શનિવાર, તા. ૨૭મી | રજા |
| રવિવાર, તા. ૨૮મી | રજા |
| સોમવાર, તા. ૨૯મી | **(૧) સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક– ૧૫– સન ૨૦૧૦નું ગુજરાત વિનિયોગ વિધેયક<br>(૨) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૧– સન ૨૦૧૦નું મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક<br>(૩) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક– ૧૦– સન ૨૦૧૦નું ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક<br>**(૨) બિન–સરકારી વિધેયકો** |
| મંગળવાર, તા. ૩૦મી | **(૧) શોકદર્શક ઉલ્લેખ**<br>દેશના પ્રખર ગણિતજ્ઞ અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ સ્વ. ડૉ. પી. સી. વૈદ્યના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ.<br>**(૨) સરકારી વિધેયક**<br>સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧૪– સન ૨૦૧૦નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક<br>**(૩) નિયમ–૧૦૧ અન્વયેના પ્રસ્તાવો**<br>(૧) એસ.ટી.તંત્રને વધુ કાર્યક્ષમ બનાવવા બાબતનો માનનીય સભ્યશ્રી શૈલેષભાઈ પરમારનો પ્રસ્તાવ<br>(૨) ભારત સરકારની તા. ૧૩–૩–૨૦૧૦ની યાદીમાં સુધારા કરવા બાબતનો માનનીય સભ્યશ્રી ઋષિકેશભાઈ પટેલનો પ્રસ્તાવ<br>**(૪) છેલ્લા દિવસનો પ્રસ્તાવ ( નિયમ–૧૦૨)** |

**પત્રક ક્રમાંકઃ–૨૩**
**(જુઓ ફકરા ક્રમાંકઃ–૨૩)**
**રોજેરોજના કામકાજનો સારાંશ**
**બુધવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦**

**નામદાર રાજયપાલશ્રી ડો.શ્રીમતી કમલાએ બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભાગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.**

વિરામ પછી બપોરના ૩.૦૦ વાગ્યે સભાગૃહની બેઠક મળી.

**( સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ" સંગીતની ધૂન બજાવી કરવામાં આવી )**

૧. સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. સભ્યશ્રી આત્મારામ પરમારે સભ્ય ડો. નીમાબેન બી. આચાર્યના અનુમોદનથી નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

૩. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત રાજયના પૂર્વ મંત્રીશ્રી ચીમનભાઈ અમીચંદ મહેતા તથા પૂર્વ સભ્યશ્રીઓ સ્વ.વિનોદચંદ્ર જેઠાલાલ પટેલ, સ્વ.શ્રી મનુભાઈ અંબાશંકર ત્રિવેદી અને સ્વ.શ્રી ધીરજલાલ ધનીલાલ જયસ્વાલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, સભ્યો સર્વશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, શ્રી બાબુભાઈ શાહ, શ્રી લીલાધરભાઈ વાઘેલા, શ્રી ખુમાનસિંહ ચૌહાણ, ડો. અનિલ જોષીયારા, માનનીય રાજયકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી પરબતભાઈ પટેલ અને સભ્યશ્રી ચંદુભાઈ ડાભીએ સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખોમાં તેમનો સૂર પૂરાવ્યો અને સદગતોને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૪. સચિવશ્રીએ, બારમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૫ સભાગૃહના મેજ ઉપર મૂકયું.

૫. માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો દશમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમીતભાઈ શાહે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના દશમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

૭. **સરકારી વિધેયક**

(૧) નીચેનું સરકારી વિધેયક સભાગૃહે મંજૂર કર્યું અને પસાર કર્યું.

સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૧, સન ૨૦૧૦નું ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

(૨) નીચેના સરકારી વિધેયકની ચર્ચા અધૂરી રહી.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ, સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૨, સન ૨૦૧૦નું સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

**ગુરૂવાર, તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૦**

૧. **પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **સૂત્રોચ્ચાર અને સભાત્યાગ**

પ્રશ્ન અગ્રતાક્રમ–૨ના માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રીના જવાબથી અસંતોષ વ્યકત કરતા માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

૩. માનનીય અધ્યક્ષશ્રીએ, આજની તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૨ પરના પ્રશ્નમાં પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી ધીરસિંહ બારડે કરેલા આક્ષેપાત્મક ઉચ્ચારણો અસંસદીય ઠરાવી રદ કરવાની જાહેરાત કરવાની સાથે કોઈ પણ જ્ઞાતિ કે સમૂહને લગતા અપમાનજનક શબ્દો વાપરવા યોગ્ય નથી એમ જણાવ્યું.

આ તબકકે વિરોધપક્ષના સભ્યો સભાગૃહમાં ફરીથી ઉપસ્થિત થયા.

## ૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલે નિયમ–૧૧૬ અન્વયે, "તા.૨૧–૨–૨૦૧૦ના રોજ અમદાવાદના કાળુપુર રેલવે સ્ટેશને હાવડા એકસપ્રેસમાંથી પશ્ચિમ બંગાળના બર્ધવાન જિલ્લામાંથી એક મોટા કન્ટેઈનરમાં આવેલ સફેદ કબૂતર, ચકલીઓ, કાકાકૌઆ, બ્લુ રોક, લુપિનો બર્ડ, લાઈટ કોકટેલ, ફાલ્કન કોકટેલ અને વિવિધ પ્રકારના પોપટ મળીને વન્ય સંરક્ષણ ધારાથી રક્ષિત એવા ૩૦૦ જેટલા પક્ષીઓનું ગેરકાયદે વેચાણ કરવા માટેનું એક મોટું ષડયંત્ર પોલીસે પકડી પાડયું છે. આ પક્ષીઓની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત રૂપિયા આઠ લાખ થવા જાય છે. પક્ષીઓના આ રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય વેચાણના ષડયંત્રના સૂત્રધારોને પકડી, તેના મૂળ સુધી પહોંચી, ગુનેગારોને શિક્ષા કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

## ૫. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, સામાન્ય રીતે પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન પ્રશ્નો કે પૂરક પ્રશ્નો પૂછતી વખતે સરકાર, મંત્રીશ્રીઓ કે મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપી શકાતાં નથી આમ છતાં આવા ઉલ્લેખો અવારનવાર થાય છે તે બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે તેમજ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબત ચકાસી પછીથી નિર્ણય આપશે એમ જણાવી નિર્ણય મુલતવી રાખ્યો.

## ૬. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષ માટેનું ખર્ચનું પત્રક રજૂ કર્યું.

## ૭. અંદાજપત્રની રજૂઆત

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાંચવાનું શરૂ કર્યું.

આ તબકકે માનનીય મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાએ માનનીય નાણા મંત્રીશ્રી બેઠા બેઠા અંદાજપત્ર વાંચી શકે તે માટે વિનંતી કરતા, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે સામાન્ય શિરસ્તો એવો રહયો છે કે નાણામંત્રીશ્રી ઉભા ઉભા જ અંદાજપત્રનું વાંચન કરતા હોય છે, બેસીને વાંચવાની પ્રથા નથી, એમ જણાવી કેટલાક આક્ષેપાત્મક ઉચ્ચારણો કરી આની સામે વાંધો લીધો.

## ૮. સૂત્રોચ્ચાર અને સભાત્યાગ

માનનીય નાણા મંત્રીશ્રી બેઠા બેઠા અંદાજપત્ર વાંચી શકે તેવી માનનીય મુખ્ય દંડકશ્રીની વિનંતી માનનીય અધ્યક્ષશ્રીએ ગ્રાહય રાખી માનનીય નાણા મંત્રીશ્રીને અંદાજપત્ર પ્રવચન બેઠા બેઠા વાંચવાની અનુમતિ આપતાં, તેની સામે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વાંધો લઈ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

૯. **અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષ માટેનું તેમનું અધૂરું રહેલ અંદાજપત્ર પ્રવચન વાંચીને પૂરું કર્યું અને સન ૨૦૧૦–૨૦૧૧ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કર્યું.

૧૦. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, અધિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર તરફથી તેઓશ્રીને તા.૨૫–૨–૨૦૧૦ના રોજ ફેકસ મેસેજથી જાણ કરવામાં આવી છે કે, ગુજરાત વિધાનસભાના ૫૪– મહુવા મત વિસ્તારના સભ્ય ડો. કનુભાઈ કળસરીયાની તેમના ખેડૂત ટેકેદારો સાથે સાબરમતી પોલીસ સ્ટેશન ધ્વારા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ–૬૮ મુજબ આજરોજ સવારના ૯.૪૫ વાગ્યે ગાંધી આશ્રમ ખાતેથી અટકાયત કરવામાં આવેલ છે અને તેમને પોલીસ કોમ્યુનિટી હોલ, શાહીબાગમાં રાખવામાં આવેલ છે તે સંબંધમાં જાહેરાત કરી.

## <u>શુક્રવાર, તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૦</u>

માનનીય અધ્યક્ષશ્રીએ, અમદાવાદને છઠ્ઠી શતાબ્દી પૂર્ણ થવા બદલ તેમજ સચિન તેંડુલકરને વિશ્વવિક્રમો સર્જી વિશ્વમાં દેશનું નામ ઉજાગર કરવા બદલ સભાગૃહ વતી અભિનંદન પાઠવ્યા.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. પ્રશ્નોત્તરી પૂરી થતાં સભ્યશ્રી ડો.કનુભાઈ કળસરિયાએ પોતાની જગ્યા ઉપર ઉભા થઈ મુદ્દો ઉપસ્થિત કરવાનો પ્રયત્ન કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને તેઓશ્રીની તેમજ મંત્રીશ્રીની પરવાનગી લઈ મુદ્દો ઉપસ્થિત કરવા જણાવતાં, સભ્યશ્રી ડો.કનુભાઈ કળસરિયા વેલમાં ધસી આવ્યા. અને માનનીય અધ્યક્ષશ્રીના આદેશથી સાર્જન્ટ ધ્વારા સભ્યશ્રીને સભાગૃહમાંથી બહાર લઈ જવામાં આવ્યા.

૩. **નીચેના કાગળો સભાગૃહના મેજ પર મૂકાયા.**

(૧) ગુજરાત હાઉસીંગ બોર્ડનું સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષનું સુધારેલું અંદાજપત્રક તથા સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનું અંદાજપત્રક

(૨) ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ

(૩) ગુજરાત કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૩–૨૦૦૪ના વર્ષનો ઓડિટ અહેવાલ, વાર્ષિક હિસાબો અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૪) સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૪–૨૦૦૫ના વર્ષનો ઓડિટ અહેવાલ, વાર્ષિક હિસાબો અને તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૫) ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૦૭–૨૦૦૮ના વાર્ષિક હિસાબો તથા આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૬) નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ અન્વયેની તા.૨૪–૧૨–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક–(જીએચએન–૩૬)વીએઆર–૨૦૦૯–(૨૪)–ઠ

૪. **નીચેના સરકારી વિધેયકો સભાગૃહે મંજૂર કર્યા અને પસાર કર્યા.**

(૧) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૨, સન ૨૦૧૦ નું સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી (સુધારા) વિધેયક

(૨) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૩, સન ૨૦૧૦નું ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) વિધેયક

(૩) નીચેનું વિધેયક દાખલ કરી પ્રસ્તાવ રજૂ કર્યો

સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૧૦નું ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત વિધેયક. (ચર્ચા અધુરી)

## મંગળવાર, તા.૨જી માર્ચ, ૨૦૧૦

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **નીચેના સરકારી વિધેયકો સભાગૃહે મંજૂર કર્યા અને પસાર કર્યા.**

(૧) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૧૦નું ધી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત વિધેયક,

### પોઈન્ટ ઓફ ઓર્ડર

વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૦ની ચર્ચા દરમ્યાન, સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોતાના વકતવ્યમાં યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરો તેમજ માનનીય નાણા મંત્રીશ્રીને ઉદ્દેશીને આક્ષેપાત્મક ઉચ્ચારણો કરતાં, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તેની સામે વાંધો લઈ આવાં આક્ષેપાત્મક ઉચ્ચારણો દૂર કરવા તેમજ સભ્યશ્રી દિલગીરી વ્યકત કરે તે માટે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, જે વ્યકિતઓ ગૃહમાં હાજર ન હોય તેમના વિશે ટીકાત્મક કે વ્યંગાત્મક ઉલ્લેખો કરી શકાતા નથી તેમજ વાઈસ ચાન્સેલરનું પદ એ ગૌરવવંતુ પદ હોઈ તેનું ગૌરવ જળવાય તે રીતે ચર્ચા કરવા સૂચવી, આક્ષેપાત્મક ઉચ્ચારણો સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવાનો આદેશ આપી નાણામંત્રીશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખ્યો.

આ તબકકે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ માનનીય નાણા મંત્રીશ્રીને ઉદ્દેશીને કરેલા આક્ષેપાત્મક ઉચ્ચારણો બદલ દિલગીરી વ્યકત કરી.

(૨) સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૫, સન ૨૦૧૦નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ વિધેયકના પહેલા વાચનના સમર્થનમાં તેમનું વકતવ્ય રજૂ કરે તે પહેલાં વિધેયકની સભ્યોને વહેંચવામાં આવેલ અંગ્રેજી નકલમાં પૃષ્ઠ–૫ પર કલોઝ–૬ની નવી સેકશન ક્ષ્પ ભ ના સબ સેકશન (૧)ની બીજી તથા ચોથી લીટીમાં છપાયેલ "OF" શબ્દને બદલે "OR" શબ્દ વાંચવાનું જણાવ્યું. જયારે વિધેયકની ગુજરાતી નકલમાં પૃષ્ઠ–૩ પરની કલોઝ–૬ની નવી કલમ–૧૩૫–ચમાં પેટા કલમ–૧માં બીજી અને પાંચમી લીટીમાં "રજીસ્ટરના" એ શબ્દની જગ્યાએ "રજીસ્ટર યા" શબ્દ વાંચવાનું જણાવ્યું.

### પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે બિલમાં રહી ગયેલ કેટલીક ટાઈપોગ્રાફીક ભૂલ બાબતમાં ગૃહનું ધ્યાન દોર્યા બાદ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ વિધેયકની પરિપત્રિત કરવામાં આવેલ નકલોમાં જે પ્રકારનો ટાઈપોગ્રાફીક સુધારો સૂચવ્યો તેનાથી અર્થમાં ઘણો મોટો ફરક પડે છે. વિધેયક પરનું શુધ્ધિપત્રક કયારે રજૂ કરવું તે માટેનો સમય પણ નિશ્ચિત છે, તેથી ભવિષ્યમાં આ બાબતમાં સરકારે કાળજી રાખવા તેમજ આવા પ્રકારની છાપકામની ભૂલો ભવિષ્યમાં ન થાય તે ઈચ્છનીય છે, તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખી જણાવ્યું કે, વિધેયક રજૂ કરતાં પહેલા બરાબર જોઈ લેવું જોઈએ. ટાઈપોગ્રાફીકલ સુધારો પણ વિધેયક ધ્વારા રજૂ થયેલ કલમના અર્થમાં ફેરફાર કરે તેવો હોવો જોઈએ નહીં. પ્રસ્તુત કિસ્સામાં સુધારો આ પ્રકારનો નહીં

હોવાથી માનનીય મહેસૂલ મંત્રીશ્રીને સુધારો કરવાની તેઓશ્રીએ મંજૂરી આપી હતી, એમ જણાવી ભવિષ્યમાં સરકાર આ બાબતને ગંભીરતાથી લેશે એમ જણાવ્યું.

## બુધવાર, તા.૩જી માર્ચ, ૨૦૧૦

### પહેલી બેઠક

### ૧. રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે સભ્ય ડો.નીમાબેન બી. આચાર્યના અનુમોદનથી તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ રજૂ કરેલો નીચે મુજબનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

ત્યારબાદ સભ્યો સર્વશ્રી અમરસિંહભાઈ વસાવા, શ્રી વજેસિંહભાઈ પણદા, શ્રી મણીભાઈ પટેલ, શ્રી માનસિંહ કો. ચૌહાણ, શ્રી બ્રિજરાજસિંહ જાડેજા, શ્રી ચંદુભાઈ ડાભી, શ્રી કિરણકુમાર મકવાણા, શ્રી છનાભાઈ ચૌધરી, શ્રી હીરાભાઈ પટેલ, શ્રી અમીતકુમાર ચાવડા, શ્રી મહંમદજાવેદ પીરઝાદા, શ્રી ઈશ્વરભાઈ વહીયા, શ્રી જોધાજી ઠાકોર, શ્રી ઈકબાલભાઈ પટેલ, શ્રી ધીરસિંહ બારડે ઉકત પ્રસ્તાવ પર તેમના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં વિરોધપક્ષના નેતાશ્રી સહિત કુલ ૨૪ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

### બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાતના પૂર્વ રાજયપાલ શ્રીમતી શારદા મુખર્જીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ રજૂ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ હ. ગોહિલ, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ અને સભ્ય શ્રી બાબુભાઈ મે. શાહે સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવ્યો અને સદગતને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

### ૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી મોહનસિંહ રાઠવાએ નિયમ–૧૧૬ અન્વયે, "વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાના લઢોદ ગામે આવેલ સરદાર સુગર કો.ઓ.ઈન્ડસ્ટ્રીના વહીવટદારોએ આચરેલ વ્યાપક ભ્રષ્ટાચારને કારણે કરોડોના દેવાતળે દબાયેલી આ સુગર ઈન્ડસ્ટ્રીની કરોડોની મિલકતોનું ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક લિ. ધ્વારા ઘણી ઓછી કિંમતે હરાજીમાં વેચાણ થનાર છે, જેના કારણે અસંખ્ય નાના, સીમાંત અને મોટા ખેડૂતોએ રોકેલ કરોડો રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે, તો તેમાંથી આ ખેડૂતોને બચાવવા અને આ સુગર ઈન્ડસ્ટ્રીમાં ગેરવહીવટ, ભ્રષ્ટાચાર આચરી કરોડોનું નુકસાન કરાવનારા કસૂરવારો સામે પગલાં લેવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સહકાર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય સહકાર મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે, ઝૂંપડાવાસીઓના પુનઃવસન અને પુનઃવિકાસ માટેના વિનિયમો કરવા સંબંધમાં નિયમ–૪૪ હેઠળનું નિવેદન વાંચીને કર્યું.

૫. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી કાળુભાઈ વિરાણીએ સમિતિનો આઠમો અહેવાલ રજૂ કર્યો.

૬. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી કાળુભાઈ વિરાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

૭. **રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે સભ્ય ડો.નીમાબેન બી. આચાર્યના અનુમોદનથી તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ રજૂ કરેલો નીચે મુજબનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય મહેસૂલ મંત્રીશ્રી સહિત કુલ ૧૪ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

**ગુરૂવાર, તા.૪થી માર્ચ, ૨૦૧૦**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની શરૂઆતમાં થતા જુદા જુદા જયઘોષો બાબતમાં ટકોર કરતા જણાવ્યું કે, આવા જયઘોષોથી ગૃહની અસ્મીતા કે શોભા વધતી નથી. સભાગૃહની શરૂઆતમાં શું બોલવું તે આપણે સાથે બેસીને નકકી કરીશું.

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

સભ્યશ્રી નાનુભાઈ વાનાણીએ નિયમ-૧૧૬ અન્વયે, "તા.૨૪-૨-૨૦૧૦ના રોજ સુરત ખાતે પોલીસ તરફથી પ્લેન હાઈજેકીંગ અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલ દરમિયાન ફાયરીંગમાં એ.ટી.એસ.ના એક પોલીસ ઈન્સ્પેકટરને સાચી ગોળી વાગતાં તેમને ગંભીર ઈજા થવા પામેલ છે. આ ઘટનાથી ઈજા પામનાર પોલીસ અધિકારીના કુટુંબીજનો તથા પોલીસબેડામાં વ્યાપેલ ભય અને ગભરાટની લાગણી દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૧૯૬૦ થી ૧૯૮૪ પુસ્તકના પાના નં.૨૩૭નો નિર્ણય ક્રમાંક-૩૪૮ ટાંકી આજની પ્રશ્નોત્તરી દરમ્યાન તેમના પક્ષના બે સભ્યશ્રીઓ પાસે માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ લેખિત રજૂઆત કરવાની માગણી કરી એ ઉચિત કે જરૂરી નથી એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ પ્રશ્નોત્તરી દરમ્યાન પૂરક પ્રશ્નનો જવાબ આપતી વખતે લેખિત રજૂઆતની કે તેઓશ્રીને પ્રશ્ન પૂછવા સુધી રાહ જોયા વગર રૂબરૂ રજૂઆત કરવાની વાત કરી હતી એમાં એમની ભાવના પાણીનો પ્રશ્નો હતો એટલે પ્રશ્નની ચર્ચા ગૃહમાં થાય ત્યાં સુધી રાહ જોવામાં આવે તો વિલંબ થાય તેવી હતી. વધુમાં આદિવાસી વિસ્તારોમાં મોટા તળાવો ઉંડા કરવા બાબતમાં પણ લેખિત રજૂઆતની વાત એટલા માટે કરી હતી કે એક તાલુકામાં ૧૦૦ ગામ હોય તો કયા ગામમાં અગ્રતાના ધોરણે તળાવો કરવા જોઈએ એની અગ્રતા સભ્યશ્રી ધ્વારા નકકી થાય એ એમનો હેતુ હતો, એટલે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ટાંકેલ નિર્ણય સાથે આ બાબત સુસંગત નથી એમ જણાવી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો અસ્વીકાર કર્યો.

૫. **રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે સભ્ય ડો.નીમાબેન બી. આચાર્યના અનુમોદનથી તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ રજૂ કરેલો નીચે મુજબનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

ત્યારબાદ આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય પાણી પૂરવઠા મંત્રીશ્રી સહિત કુલ ૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો અને પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ સભ્યશ્રી આત્મારામભાઈ પરમારે આપ્યો.

ત્યારબાદ સુધારા ક્રમાંક– ૧, ૪, ૭, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨ અને ૨૪ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો

૬. **બિન સરકારી વિધેયકો**

(ક) દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

(૧) સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાળાએ, સન ૨૦૧૦નું ગુજરાત (રાજય સેવક ધ્વારા) લોક તિરસ્કાર નિવારણ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાળાએ, સન ૨૦૧૦નું ગુજરાત કારખાનાના કામદારોને (કામચલાઉ મુદત માટે) બેકારી ભથ્થું આપવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૩) સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાળાએ, સન ૨૦૧૦નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(ખ) પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો

(૧) સભ્યશ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાએ સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૦૯નું ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગી.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

ત્યારબાદ સભ્યશ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાએ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લીધું.

(૨) સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૦૯નું ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક પ્રભારી સભ્ય શ્રી શંકરભાઈ ચૌધરી સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૩) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૦૮નું ગુજરાત અશ્લીલ જાહેર ખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક પ્રભારી સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવે સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

(૪) સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક–૮ સન ૨૦૦૮નું ગુજરાત ભ્રૂણ સંરક્ષણ અને વસ્તી નિયંત્રણ વિધેયક પ્રભારી સભ્ય શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ બાબત હાથ ધરી શકાઈ નહીં.

**શુક્રવાર, તા.૫મી માર્ચ, ૨૦૧૦**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી ધીરસિંહ બારડે નિયમ–૧૧૬ અન્વયે, "અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં હિંસક પ્રાણીઓના માનવીઓ પરના હુમલાના બનાવો વધી ગયા છે. તાજેતરમાં વેરાવળ તાલુકાના ઈશ્વરીયા ગામે બે દિપડાઓએ બે મહિલાને ફાડી ખાધેલ છે. માનવભક્ષી દિપડાઓ હજુ પકડાયા નથી, વળી સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામે પણ દિપડાએ હુમલો કરી એક ખેડૂતને ઘાયલ કર્યો છે. વન્ય જીવો આ રીતે માનવો ઉપર હુમલાઓ કરે છે જેનાથી આમજનતામાં ભયની લાગણી ફેલાયેલ છે, જે દૂર કરવા તથા ઘાયલ થયેલાને અને મૃત્યુ પામેલા ઈસમોના વારસદારોને જરૂરી સહાય આપવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. **નીચેના કાગળો સભાગૃહના મેજ પર મૂકાયા.**

(૧) ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) જુનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૪–૨૦૦૫નો વાર્ષિક ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન તથા વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૩) આણંદ કૃષિ યુનિવર્સિટીના સન ૨૦૦૪–૨૦૦૫ અને સન ૨૦૦૫–૨૦૦૬ના વાર્ષિક ઓડિટ અહેવાલો, તેના ઉપર લેવાયેલ પગલાંનાં નિવેદનો તથા વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો

(૪) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીનો સન ૨૦૦૮– ૨૦૦૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૫) ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સન ૨૦૦૪–૨૦૦૫ થી સન ૨૦૦૮–૨૦૦૯ના વાર્ષિક અહેવાલો અને હિસાબો તથા આ અહેવાલો અને હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો

(૬) શિક્ષણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેની તા. ૧૧–૧–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–જીએચ–એસએચ–૦૧–૨૦૧૦–એમબીએ–૧૦૨૦૦૮ –૬૩૩ – એસ

(૭) માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તા.૮–૧–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક – (જીએચટી) – ૨૦૧૦/૧)– એમએનઆર– ૧૦૧૦– ૮૫(૧૧૦) એ

(૮) ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૫૭ના ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ અન્વયેની

(૧) તા.૨૩–૧૨–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક–જીયુ–૨૦૦૯–૫૮– એમસીઆર –૧૦૨૦૦૯ –૪૯૧–છ

(૨) તા.૧૩–૧–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–જીયુ–૨૦૧૦–૪– એમસીઆર –૧૧૦૩– ૧૫૭૨–(ભાગ–૨)–છ

(૯) ગૃહ વિભાગની

(અ) સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની

(૧) તા.૩–૧૦–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીજી–(૭૭)–વીડીઆર– ૨૦૦૯– ૧૩૨૧–ઈ.૧

(૨) તા.૪–૧–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–જીજી–૦૩–૨૦૧૦– એમડીકે – ૨૦૦૧ – ૩૦૩–ઈ.૧

(બ) સન ૧૯૫૫ના ઔષધીય અને પ્રસાધન બનાવટો (આબકારી જકાત) અધિનિયમ અન્વયેની તા.૨૧–૧૨–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક–જીજી–૯૦–૨૦૦૯–એમડીકે–૨૦૦૯–૧૨૬૦– ઈ.૧

(૧૦) બંદરો અને વાહનવ્યવહાર વિભાગની સન ૧૯૫૮ના મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ અન્વયેની તા.૨૧–૮–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– પીટી– ૨૦૦૯– ૩૧– એમટીએ– ૧૨૨૦૦૯– ૧૦૭૨– ખ

## ૪. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શરૂઆતમાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ, સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતાં અનુચ્છેદ ૨૦૫ અન્વયેની નામદાર રાજયપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ, વિજળી શકિત પરિયોજનાને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની પૂરક માગણી ક્રમાંકઃ ૧૩, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની પૂરક માગણી ક્રમાંકઃ ૪૩, વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની પૂરક માગણી ક્રમાંકઃ ૨૬, જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની પૂરક માગણી ક્રમાંકઃ ૭૮ અને શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની પૂરક માગણી ક્રમાંકઃ ૧૦૨ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ રજૂ કરી.

ત્યારબાદ, પૂરક માગણી પ્રમાંકઃ ૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ અને ૨, પૂરક માગણી ક્રમાંકઃ ૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૧ અને ૧૩, પૂરક માગણી ક્રમાંકઃ ૨૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૫ અને ૧૬, પૂરક માગણી ક્રમાંકઃ ૭૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૧ તેમજ પૂરક માગણી ક્રમાંકઃ ૧૦૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૨૨, ૨૩, ૨૪ અને ૨૫ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબકકે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કુલ ચાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

## ૫. વિશેષાધિકાર ભંગનો મુદ્દો

વિરામ બાદ માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે, ગઈ કાલે રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા દરમ્યાન પ્રવચન કરતી વખતે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ કરેલા કેટલાક આક્ષેપાત્મક ઉચ્ચારણો બાબતમાં વિધાનસભાના નિયમોના નિયમ–૩૭ અને માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૧૯૬૦ થી ૧૯૮૪ ના પાના નંબરઃ૨૮ અને ૨૯ પરનો નિર્ણય ક્રમાંક–૮ ટાંકીને જણાવ્યું કે, સભ્યશ્રીએ મુખ્ય મંત્રીશ્રી ઉપર હેત્વારોપણ કરીને ગૃહની ગરીમાને હાનિ પહોંચાડવાની સાથે જાણીબુઝીને ગૃહને ગેરમાર્ગે પણ દોર્યું હોઈ, નિયમ–૨૪૯, ૨૫૦ અને ૨૫૧ હેઠળ વિશેષાધિકાર ભંગનો પ્રથમ દર્શને કેસ બને છે અને તેથી નિયમ–૨૫૩ હેઠળ આ બાબત વિશેષાધિકાર સમિતિને સોંપવા માટે રજૂઆત કરી.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પ્રસ્તુત બાબતે ખુલાસાત્મક સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે, તેઓએ કોઈ મુખ્યમંત્રી ઉપર કોઈ હેતુઓનું આરોપણ કર્યું નથી તેમજ તેઓએ કરેલા ઉલ્લેખો તેઓને મળેલ માહિતીના આધારે કરેલા છે અને તેઓએ તેમના વકતવ્યમાં પણ આ બાબતે વિધાનસભાના સભ્યોની તપાસ સમિતિ નીમીને તપાસ કરવા જણાવ્યું હતું.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે આ બાબત ક્ષુલ્લક હોઈ સંસદીય કાર્યરીતિ અને પ્રણાલીના પુસ્તકના પાના નંબર ૮૫૫ પરના અવતરણો ટાંકી સભ્યશ્રીની સ્પષ્ટતા જોતાં આ બાબત પડતી મૂકવી જોઈએ એમ જણાવી સભ્યશ્રીના ઉચ્ચારણો અંગે દિલગીરી વ્યકત કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ ઉપરોકત સંજોગોમાં ચર્ચા પૂરી થાય છે તેમ જણાવ્યું.

૬. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ વધુ ૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક–૧ થી ૫, ૭થી ૯, ૧૧, ૧૩, ૧૫થી ૨૪ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંક–૧૩, ૪૩, ૨૬, ૭૮ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**<u>સોમવાર, તા.૮મી માર્ચ, ૨૦૧૦</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્નોત્તરી બાદ સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયા તેમજ ડો.નીમાબેન બી. આચાર્યે વિશ્વ મહિલા દિન નિમિતે વિશ્વની મહિલાઓને સભાગૃહ વતી અભિનંદન પાઠવ્યા.

૨. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, સરકારે પત્રકારોના સરકારી હોસ્પિટલોમાં પ્રવેશ પર પરિપત્ર ધ્વારા પ્રતિબંધ મૂકવાના કારણે આજની પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન પત્રકારો ૩૪ મિનિટ સુધી પત્રકાર દીર્ઘામાં અનુપસ્થિત રહયા તે બાબતમાં મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, પત્રકાર દીર્ઘા કે અન્ય દીર્ઘાઓના પ્રશ્નો અહીં ઉપસ્થિત કરી શકાતા નથી પત્રકારોએ તેઓશ્રી સમક્ષ તેમની અનુપસ્થિતિ સંબંધમાં કોઈ સત્તાવાર રજૂઆત કરી નથી. પત્રકારોએ સભાગૃહમાં આપેલ પત્રકાર દીર્ઘામાં હાજર રહેવું કે કેમ તે માટે તેઓ સ્વતંત્ર છે, તેઓશ્રીના ક્ષેત્રાધિકાર બહાર બનેલ ઘટના સંબંધમાં પત્રકારોની અનુપસ્થિતિ અંગે તેઓશ્રી કોઈ દરમ્યાનગીરી કરી શકે નહીં, એમ પણ જણાવ્યું.

૩. માનનીય અધ્યક્ષશ્રીએ, અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર પંદર પંદર સભ્યોની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૪. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ, કૃષિને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની પૂરક માગણી ક્રમાંકઃ ૨, સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની પૂરક માગણી ક્રમાંકઃ ૫, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની પૂરક માગણી ક્રમાંકઃ ૯, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પૂરક માગણી ક્રમાંકઃ ૩૯, પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની પૂરક માગણી ક્રમાંકઃ ૬૭ રજૂ કરી.

ત્યારબાદ, પૂરક માગણી ક્રમાંકઃ ૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨, ૩ અને ૪, પૂરક માગણી ક્રમાંકઃ ૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૫, પૂરક માગણી ક્રમાંકઃ ૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧, પૂરક માગણી ક્રમાંકઃ ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૭ તેમજ પૂરક માગણી ક્રમાંકઃ ૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ રજૂ થયેલ પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને કુલ ૧૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ થી ૧૫, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, પૂરક માગણી ક્રમાંકઃ ૨, ૫, ૯, ૩૯ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**ગિલોટીન થયેલી માગણીઓ**

ત્યારબાદ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ, સન ૨૦૦૯–૨૦૧૦ના વર્ષની પૂરક માગણી ક્રમાંકઃ– ૧, ૩, ૪, ૬, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૩, ૨૫, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૬, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૫, ૯૬, ૯૭, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૪, ૧૦૫ અને ૧૦૬ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજય વિધાન મંડળની પૂરક માગણી ક્રમાંકઃ ૩૬ રજૂ કરી જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

૫. **અરધા કલાકની ચર્ચા (નિયમ–૯૨)**

સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા રાજયમાં વીજ ઉત્પાદન સામે વીજ માંગ વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૧૬૦૭ (અગ્રતાક્રમ–૩૩)ના સંબંધમાં ઉર્જામંત્રીશ્રીએ આપેલ જવાબ પરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત પર અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરી પોતાનું નિવેદન કર્યું.

ત્યારબાદ માનનીય રાજયકક્ષાના ઉર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ઉપસ્થિત કરવામાં આવેલ પ્રશ્નોના જવાબો આપ્યા અને ચર્ચા પૂરી થઈ.

**<u>મંગળવાર, તા.૯મી માર્ચ, ૨૦૧૦</u>**

**<u>પહેલી બેઠક</u>**

૧. **અદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ ગૃહમાં રજૂ થયેલા સન ૨૦૧૦–૨૦૧૧ના અંદાજપત્રની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલાં માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની ચર્ચાના અવકાશ અંગે માર્ગદર્શન આપ્યું.

૨. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે, ગુજરાત રાજય વિત્તીય જવાબદારી અધિનિયમ ૨૦૦૫ હેઠળ રજૂ કરવાના પત્રકો અંદાજપત્રની સાથે આપવાનાં હોય છે. આ વખતે રજૂ થયેલ અંદાજપત્રના અંદાજપત્ર પ્રકાશન નં.૩૦ના પાના નં.૭ ઉપર મુખ્ય સદરવાર રાજયનું એકંદર ઘરગથ્થું ઉત્પાદન દર્શાવતું પત્રક–૩.૧ અને ૩.૨ માત્ર ચાલુ ભાવે આપ્યું છે, જેનાથી રાજયની નાણાકીય સ્થિતિનું ચિત્ર મળતું નથી. અગાઉના વર્ષોમાં ચાલુ ભાવે અને સ્થિર ભાવે આ પત્રકો આપવામાં આવતા હતા, જેથી રાજયની નાણાંકીય સ્થિતિનું ચિત્ર સ્પષ્ટ થાય. અધિનિયમ તથા નિયમો હેઠળ આ પત્રકો ચાલુ ભાવે અને સ્થિર ભાવે આપવાની જોગવાઈનું આમાં પાલન થતું નથી, એમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તેમનું મંતવ્ય વ્યકત કરતા જણાવ્યું કે, સભ્યોને અંદાજપત્ર પરની ચર્ચામાં બોલવાની અનુકૂળતા રહે તે માટે અગાઉની જેમ આ પત્રકો ચાલુ અને સ્થિર ભાવે આપવાના હોય છે. તેઓશ્રીએ પૂર્વ સચિવશ્રી કે.એમ. પંચાલના જાહેર ખર્ચ પર 'વિધાનસભાનો અંકુશ' પુસ્તકનો સંદર્ભ ટાંકી જણાવ્યું કે, નાણાકીય બાબતોમાં સભ્યોને વધુમાં વધુ માહિતી પૂરી પાડવાની અનુકૂળતા કરવી જોઈએ. પ્રસ્તુત મુદ્દામાં માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તેમનું મંતવ્ય વ્યકત કરતા જણાવ્યું કે, અગાઉ સ્થિર અને ચાલુ ભાવે પત્રકો આપતા હતા એટલે દર વખતે આપવા જરૂરી નથી, અંદાજપત્ર સાથેના એના પત્રકો બરાબર રીતે રજૂ કરેલાં છે.

માનનીય અધ્યક્ષશ્રીએ, અગાઉના અધ્યક્ષશ્રીના નિર્ણયો, લોકસભાની કાર્યપધ્ધતિ તેમજ કાયદાકીય અને વિધાનસભાના નિયમોની જોગવાઈઓ ચકાસી પછીથી નિર્ણય આપશે એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય મુલતવી રાખ્યો.

૩. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કુલ ૨૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

## બીજી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ઉપરાંત પૂરક વિનિયોગ વિધેયક પરની પણ ચર્ચા હોઈ તેની ચર્ચા માટેની સમયમર્યાદા અંગે જાહેરાત કરી.

ત્યારબાદ ઉપરોકત વિષય પર મંગળવાર, તા.૯મી માર્ચ, ૨૦૧૦ના રોજ પહેલી બેઠકમાં અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને માનનીય રાજયકક્ષાના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કલ્યાણ માટેના મંત્રીશ્રી સહિત કુલ ૧૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૩. **નીચેનું સરકારી વિધેયક સભાગૃહે મંજૂર કર્યું અને પસાર કર્યું.**

સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૦નું ગુજરાત પૂરક વિનિયોગ વિધેયક

## બુધવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૧૦

## પહેલી બેઠક

૧. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

ઉપરોકત વિષય પર તા.૯મી માર્ચ, ૨૦૧૦ના રોજ બીજી બેઠકમાં અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી અને માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી સહિત વધુ બે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૨. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા પ્રવચન અક્ષરસઃ વાંચીને કરી રહયા છે તે વાજબી નથી તેમ જણાવી તેની સામે વાંધો લઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાએ પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ ના પાના નં.૧૪૩ ઉપરનો નિર્ણય ક્રમાંક–૨૨૯ ટાંકી પોતાનું મંતવ્ય વ્યકત કરતા જણાવ્યું કે, મંત્રીશ્રીઓને લખેલું વાંચવાનો અધિકાર છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પોતાનું મંતવ્ય વ્યકત કરતા જણાવ્યું કે, માનનીય મંત્રીશ્રી અત્યારે અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લઈ રહયા છે ત્યારે તેઓને લખેલું વાંચવાનો અધિકાર નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ, માનનીય મંત્રીશ્રી વકતવ્ય આપે છે કે નિવેદન કરે છે એ બાબતે મંત્રીશ્રી પાસે સ્પષ્ટતા માગી, જો મંત્રીશ્રી નિવેદન કરતા હોય તો નિયમ–૩૮ મુજબ પોતાનું નિવેદન વાંચી શકે છે. પરંતુ જો તેઓ પ્રવચન કરતા હોય તો તેઓ પોતાનું પ્રવચન વાંચી શકે નહીં. અહીંયાં મંત્રીશ્રી અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતી વખતનું વકતવ્ય આપી રહયા છે ત્યારે એમનું એક સભ્ય તરીકેનું વકતવ્ય ગણાય એટલે નિયમ–૩૮ તેઓશ્રીને પણ લાગુ પડે છે. માટે મંત્રીશ્રી મુદ્દાઓ હાથમાં રાખી શકે છે પરંતુ સમગ્ર વકતવ્ય વાંચી શકે નહીં, તેમ જણાવી સભ્યશ્રી અર્જુનભાઈ મોઢ વાડિયાનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખ્યો.

૩. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીએ તેમનું અધૂરુ રહેલ પ્રવચન ફરી શરૂ કર્યું.

૪. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા તેમના વકતવ્યમાં બાજપાઈજીની સરકાર અને એ વખતના કાયદાઓ વિશે વકતવ્ય કરે છે એ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં કોઈ પણ સંજોગોમાં આવી શકે નહીં. માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય

ચર્ચા શરૂ થાય તે પહેલાં કરેલી જાહેરાત મુજબ આ પ્રકારના ઉલ્લેખો અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાની મર્યાદા સાથે સુસંગત નથી એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા તેમજ માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાની શરૂઆત વખતે કરેલ જાહેરાતની પુનરોકિત કરી જણાવ્યું કે, સંસ્થાપિત સંસદીય પરંપરા મુજબ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા વખતે તેમાં સમાયેલ સિધાંતના પ્રશ્ને ચર્ચા કરી શકાય. અંદાજપત્રમાં સમાવિષ્ટ સેવા કે હેતુ માટે જે નીતિના આધારે ફંડની ફાળવણી કરી હોય તે નીતિની ચર્ચા કરી શકાય, સેવાના જુદા જુદા સેકટર હેઠળ ફંડની પર્યાપ્ત ફાળવણી કરી છે કે નહીં તેની ચર્ચા કરી શકાય. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા અને રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં રહેલી ભેદરેખા સ્પષ્ટ કરતા તેઓએ વધુમાં જણાવ્યું કે, રાજયપાલશ્રીના સંબોધન પરનો આભાર પ્રસ્તાવ સરકારની સર્વગ્રાહી નીતિની સમીક્ષા કરવાનું જે વિશાળ ફલક પૂરું પાડે છે તેવું વિશાળ ફલક અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા હેઠળ મળી શકે નહીં. ગુજરાત વિધાનસભાના નિયમોનો નિયમ–૨૨૧ બહુ સ્પષ્ટ છે અને તે નિયમથી લદાયેલ મર્યાદા સૌના માટે બંધનકર્તા છે એમ જણાવી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો સ્વીકાર કરી માનનીય મંત્રીશ્રીને નિયમ–૨૨૧ની મર્યાદામાં રહીને વકતવ્ય કરવા જણાવ્યું.

૫. **અદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું અને વધુ ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

સભ્યશ્રી શૈલેષભાઈ પરમારે તેમના પ્રવચન દરમ્યાન ધો.૧૦ની પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે આ ગૃહના એક સભ્યશ્રી પોરબંદર ખાતે ધોરણ ૧૦ની પરીક્ષામાં ખોટું સર્ટિફીકેટ આપી ડમી ઉમેદવાર ધ્વારા પરીક્ષા આપી રહયા છે, એવો આક્ષેપ કરતાં, પ્રસ્તુત મુદ્દામાં માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ, સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, જે ધારાસભ્યશ્રી પરીક્ષા આપી રહયા છે, એમના અંગુઠા ઉપર ફેકચર થવાના કારણે ડમી રાઈટર ધ્વારા પરીક્ષા આપી રહયા છે જે માધ્યમિક શિક્ષણ બોર્ડના નીતિ નિયમો પ્રમાણે વિદ્યાર્થીને ડમી રાઈટર આપવામાં આવે છે તે રીતે પરીક્ષા આપી રહયા છે. માનનીય અધ્યક્ષશ્રીએ, તેઓ ધારાસભ્ય તરીકે પરીક્ષા આપતા નથી, કરશનભાઈ વિદ્યાર્થી તરીકે બોર્ડના નિયમો પ્રમાણે પરીક્ષા આપે છે એમ જણાવ્યું.

ત્યારબાદ સભ્યશ્રી શૈલેષભાઈ પરમારે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું અને માનનીય રાજયકક્ષાના નાણા મંત્રીશ્રી સહિત વધુ ૧૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

## <u>બીજી બેઠક</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્ય ડો. અનિલભાઈ જોષીયારાએ, "તા.૫–૩–૨૦૧૦ના રોજ ભીલોડા તાલુકાના ચોરીમાલ ગામે ૧૧૫ જેટલા બાળકોને મધ્યાહન ભોજન પછી ઝાડા ઉલટી અને ચકકરની ગંભીર અસરો થતાં અને તે પૈકી અંદાજે વીસ જેટલાં બાળકોની તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડાયા છે. આ રીતે ભોજન પછી બાળકોની તબિયત બગડતાં વાલીઓ અને આમજનતામાં ભય અને ગભરાટનું ફેલાયેલ વાતાવરણ દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. સભ્યશ્રી બાબુભાઈ મે. શાહે, ગઈ કાલે તેઓશ્રીએ અંદાજપત્રની સામાન્ય ચર્ચા પરના પ્રવચન દરમ્યાન એક લોક સાહિત્યના દુહાનો પ્રયોગ કરેલો જેનાથી કોઈના પણ દિલની લાગણી દુભાઈ હોય તો તેના માટે મિચ્છામિ દુકડમ કહી દિલની સંવેદના વ્યકત કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રીની હૃદયપૂર્વકની સંવેદનાને આવકારી.

૪. બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ કાળુભાઈ વિરાણીએ સમિતિનો નવમો અહેવાલ રજૂ કર્યો.

૫. બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ કાળુભાઈ વિરાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો**

૬. **અદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

ઉપરોકત વિષય પર તા.૧૦મી માર્ચ, ૨૦૧૦ના રોજ પહેલી બેઠકમાં અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી સહિત વધુ ૧૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ આપ્યો.

**<u>ગુરૂવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૧૦</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

કર વસૂલાત ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંકઃ૧૨, વિજળી શકિત પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંકઃ૧૩, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતા અન્ય ખર્ચને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી ક્રમાંકઃ૧૪, ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી ક્રમાંકઃ૪૯ તેમજ ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી ક્રમાંકઃ૫૦ માનનીય રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તેમજ ઉદ્યોગ અને ખાણ ખનિજ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંકઃ૧૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫ અને ૬, માગણી ક્રમાંક–૧૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭, માગણી ક્રમાંકઃ૧૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૮, ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક–૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને ૨૯ તેમજ માગણી ક્રમાંક–૫૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫ અને ૩૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી સહિત કુલ ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તેમજ ઉદ્યોગ અને ખાણ ખનિજ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક–૧ થી ૩૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી કંમાંક– ૧૨, ૧૩, ૧૪, ૪૯ અને ૫૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૩. **બિન સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલે, અછતના સમયમાં સૌરાષ્ટ્રના ડેમો ન ભરાય તો ખેતીને જીવિત રાખવા માટે નર્મદાના પાણીથી તે ભરવા તેમજ સૌરાષ્ટ્ર–કચ્છના તમામ વિસ્તારોમાં પીવાના પાણી માટે નર્મદા આધારિત પાઈપલાઈન ધ્વારા પાણી પૂરું પાડવા અંગેનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય પાણી પુરવઠા અને જળસંપત્તિ મંત્રીશ્રી સહિત કુલ ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્યશ્રી રાઘવજીભાઈ પટેલે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્ય પ્રો.શ્રી મંગળદાસ પટેલે, રાજય સરકારની યોજનાઓ અને ઉજવણીના ઉત્સાહને એક સ્વરથી, એક લક્ષ્યથી, એક ધ્યેયથી સૌ કોઈ સાથે જોડાઈને ગુજરાત રાજયની વિકાસ યાત્રાને ઝડપથી આગળ વધારવા અંગેનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી સહિત કુલ ૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્ય પ્રો. મંગળદાસ પટેલે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**<u>શુક્રવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૧૦</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. માનનીય અધ્યક્ષશ્રીએ, તા.૨૫–૨–૨૦૧૦ના રોજ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુલતવી રાખેલ નિર્ણય આપતા જણાવ્યું કે, પ્રશ્નકાળનો રચનાત્મક ઉપયોગ કરવા માટે સૌ સભ્યશ્રીઓ વિશેષણો અને વક્રોકિતથીક તેમજ આક્ષેપોથી મુકત રહીને દાદા સાહેબ માવળંકરે આપેલી સલાહને અનુસરશે તો ઉત્કૃષ્ટ સંસદીય પરંપરા પ્રસ્થાપિત કરી શકાશે.

૩. **નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.**

(૧) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો અને ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૫) ગુજરાત મેરીટાઈમ બોર્ડનો સન ૨૦૦૭–૨૦૦૮નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૬) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૦૭–૨૦૦૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૦૯–૨૦૧૦ના સુધારેલા અંદાજો અને સન ૨૦૧૦–૨૦૧૧ના અંદાજો તેમજ સન ૨૦૦૭–૨૦૦૮ના વાર્ષિક હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૭) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેની –

(૧) તા.૪–૬–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીપી–૧૭–એમસીજી–૧૦૦૮–એસએફએસ –૮૯–જે

(૨) તા.૨૬–૫–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીપી–૧૧–એમસીજી–૧૦૦૮ –૩૫૪૪–જે

(૮) ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની તા. ૭–૯–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક–જીઆઈડીસી–ઈએસટી–લો–એએમડી–૧૨(૫).

(૯) શ્રમ અને રોજગાર વિભાગની સન ૧૯૪૮ના મુંબઈ દુકાનો અને સંસ્થાઓ અધિનિયમ અન્વયેની –

(૧) તા.૨૩–૧૦–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીએચઆ – ૨૦૦૯– ૧૮૨– બીએસઈ – ૧૯–૨૦૦૮– ૫૮૮૦૨૩– એમ– (૩).

(૨) તા.૩૦–૧૧–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૦૯– ૧૯૧– બીએસઈ – ૧૯–૨૦૦૮– ૫૦૨૦૯૪– એમ– (૩).

(૩) તા.૩૦–૧૧–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૦૯– ૧૯૦– બીએસઈ – ૧૯–૨૦૦૮– ૫૯૦૧૪૦– એમ– (૩).

(૪) તા.૧૪–૧૨–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૦૯– ૧૯૯– બીએસઈ – ૧૯– ૨૦૦૯– ૧૭૯૮૮૭– એમ– (૩).

(૫) તા.૧૬–૧૨–૨૦૦૯ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૦૯– ૨૦૩– બીએસઈ – ૧૯– ૨૦૦૯– ૬૪૫૦૬૮– એમ– (૩).

(૬) તા. ૫–૧–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–જીએચઆર– ૨૦૧૦–૦૧– બીએસઈ– ૧૯– ૨૦૦૯– ૩૫૫૮૯૪– એમ– (૩).

(૭) તા.૧૩–૧–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચઆર– ૨૦૧૦–૦૫–બીએસઈ– ૧૯– ૨૦૦૭– ૩૦૭૭૪૬– એમ– (૩).

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહિવટ વિભાગની માગણી ક્રમાંકઃ૩૦, ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંકઃ૩૧, માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તેમજ માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની માગણી ક્રમાંકઃ૫૪ તથા વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકી વિભાગને લગતી સેવા અંગેની માગણી ક્રમાંકઃ૮૯ માનનીય માહિતી અને પ્રસારણ તેમજ વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકી વિભાગના મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંકઃ૩૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫ અને ૬, માગણી ક્રમાંક–૩૧ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૭, ૮, ૯, ૧૦ અને ૧૧, માગણી ક્રમાંકઃ૫૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૨, ૧૩, ૧૪ અને ૧૫, માગણી ક્રમાંક–૮૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૬, ૧૭, ૧૮ અને ૧૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને કુલ ૧૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ સામાન્ય વહીવટ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તેમજ વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકી વિભાગની ચર્ચાનો જવાબ માનનીય માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક–૧ થી ૧૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી કંમાંક– ૩૦, ૩૧, ૫૪ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**<u>સોમવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૧૦</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **નીચેનો કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયો.**

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સન ૧૯૭૨ ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેની તા.૮–૩–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચયુ– ૨૦૧૦– (૨૩)– જીયુવી– ૧૦૨૦૦૭– ૨૪૮૬– ક.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

ન્યાયતંત્રના વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની માગણી ક્રમાંક–૬૦ માનનીય કાયદા મંત્રીશ્રી અમિતભાઈ શાહે, નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક–૬૫, સિંચાઈ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક–૬૬ તેમજ પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણી ક્રમાંક–૬૭ માનનીય નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંકઃ૬૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮, માગણી ક્રમાંક–૬૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮, માગણી ક્રમાંકઃ૬૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૯,૨૦, ૨૧, ૨૨ અને ૨૩, માગણી ક્રમાંક–૬૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૩, ૩૪ અને ૩૫ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી સહિત કુલ ૨૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની ચર્ચાનો જવાબ માનનીય નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે તેમજ કાયદા વિભાગની ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના કાયદા મંત્રીશ્રી અમિતભાઈ શાહે આપ્યો.

૪. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ ચારેય નાણાંકીય સમિતિઓના ચૂંટણી કાયક્રમમાં ફેરફાર કરવાની બન્ને પક્ષોના દંડકોની વિનંતી ગ્રાહય રાખી ચારેય નાણાંકીય સમિતિઓના સુધારેલા ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી.

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

નર્મદા વિકાસ યોજનાને લગતી માગણી ક્રમાંક–૬૫ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક– ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ધ્વારા પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૬૦, ૬૬, ૬૭ પરની કાપદરખાસ્તો ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૩, ૩૪ અને ૩૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬૦, ૬૬ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**મંગળવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૧૦**

**પહેલી બેઠક**

૧. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણી ક્રમાંક–૨૨ અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણી ક્રમાંક–૨૩, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે, શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની માગણી ક્રમાંક–૫૬ શ્રમ અને રોજગાર મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તેમજ કલાઈમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની કલાઈમેટ ચેન્જ વિભાગની માગણી ક્રમાંક–૧૦૭ માનનીય રાજયકક્ષાના ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૮, ૯ અને ૧૦, માગણી ક્રમાંક–૨૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧૧, ૧૨, અને ૧૩, માગણી ક્રમાંક–૫૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૪, ૧૬, ૧૭, ૧૮ ૧૯ અને ૨૨, માગણી ક્રમાંક–૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩, ૨૪, ૨૫, અને ૨૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના પર રજૂ થયેલ કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કુલ ૧૭ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે, શ્રમ અને રોજગાર વિભાગની ચર્ચાનો જવાબ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી વજુભાઈ વાળાએ તેમજ કલાઈમેટ ચેન્જ વિભાગની માગણીનો જવાબ માનનીય રાજયકક્ષાના ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૮ થી ૧૪, ૧૬ થી ૧૯, ૨૨ થી ૨૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૨, ૨૩, ૫૬ અને ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**બીજી બેઠક**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી શૈલેષ પરમારે નિયમ–૧૧૬ અન્વયે, "તાજેતરમાં બાવળા તાલુકાના વાસણા (ઢેઢાળ) અને સાલજડા પ્રાથમિક શાળાના ૨૫૦ જેટલા બાળકોને રાજયના આરોગ્ય વિભાગ ધ્વારા અપાયેલ ફોલીક એસીડની ગોળીઓ ખાધા પછી

પેટ દર્દ, માથાનો દુખાવો અને ઉલટીઓ થવા લાગતાં તાકીદે સારવાર માટે તેમને દવાખાનામાં ખસેડાયેલ છે. સરકાર ધ્વારા અપાયેલ આ ગોળીઓની ગુણવત્તા હલકી હોવાની આમજનતાની ફરિયાદ છે ત્યારે રાજય સરકાર ધ્વારા અપાતી આરોગ્ય વર્ધક દવાઓની ગુણવત્તા ચકાસવા અને બાળકોને થયેલ અસર બાબતે આમજનતા અને વાલીઓમાં ફેલાયેલ ભય અને ગભરાટની લાગણી" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, વિધાનસભાના નિયમોના નિયમ–૨૮ ટાંકી પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રીએ પોતાના સ્થાન ઉપર ઉભા થઈને અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરવું જોઈએ, તેના બદલે સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ બેઠા બેઠા હાથ ઉંચો કરે તેઓને પ્રશ્ન પૂછવાની તક આપવામાં આવે છે, જે ઉચિત નથી, એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો નિર્ણય આપતાં જણાવ્યું કે, આ મુદ્દો તેઓશ્રીની કાર્યશૈલી વિશેનો છે, આવા પ્રશ્નો સભાગૃહમાં ઉપસ્થિત કરવામાં આવતા નથી, તેના માટે ચેમ્બરમાં ચર્ચા કરવાની હોય છે. આમ છતાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જયારે મુદ્દો ઉપસ્થિત કર્યો છે ત્યારે તેની તેઓશ્રીએ ગંભીરતાથી નોંધ લીધી છે. નિયમ–૨૮ મહદઅંશે ચર્ચામાં ભાગ લેવા માગતા સભ્યએ અખત્યાર કરવાની પધ્ધતિને લગતો છે, જયારે પ્રશ્નોત્તરી દરમ્યાન પૂરક પ્રશ્ન પૂછવા માગતા સભ્યનું નામ અધ્યક્ષ પોકારે ત્યારે તે સભ્ય પૂરક પ્રશ્ન પૂછી શકે છે. આ હેતુ માટે પ્રશ્ન પૂછનાર સભ્યશ્રીએ હાથ ઉંચો કરીને અધ્યક્ષશ્રીનું ધ્યાન ખેંચવાનું (eye catching) હોય છે, એટલે માત્ર પ્રશ્નોત્તરી પૂરતું બન્ને પક્ષના કોઈ પણ સભ્યશ્રીઓ પોતાની જગ્યા ઉપર બેસીને હાથ ઉંચો કરે તો પણ ક્રમાનુસાર તક આપવાની કાર્યશૈલી નકકી કરવાનો અધ્યક્ષશ્રીને અધિકાર છે, એમ જણાવી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો.

૪. (૧) માનનીય અધ્યક્ષશ્રીએ, કામકાજ સલાહકાર સમિતિનો અગિયારમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

(૨) બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી કાળુભાઈ વિરાણીએ સમિતિનો દસમો અહેવાલ રજૂ કર્યો.

(૩) સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પ્રમુખશ્રી બાબુભાઈ જ. પટેલે સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

૫. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહે પ્રસ્તાવ રજૂ કર્યો કે,–

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

૬. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી કાળુભાઈ વિરાણીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે,–

"આ સભાગૃહ, બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

૭. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)**

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક–૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક–૪૦, પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી ક્રમાંક–૫૧, માનનીય આરોગ્ય, પરિવાર કલ્યાણ અને પ્રવાસન મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે તેમજ શહેરી ગૃહ નિર્માણને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંક–૧૦૧, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી ક્રમાંક–૧૦૨ માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંકઃ૩૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩, માગણી ક્રમાંક–૪૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંકઃ૫૧ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૭, ૧૮, ૧૯,૨૦, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪, માગણી ક્રમાંક–૧૦૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫, માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧ અને ૩૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને કુલ ૧૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ચર્ચાનો જવાબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ તેમજ પ્રવાસન મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે તેમજ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૨૮, ૩૦ થી ૩૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંક– ૩૯, ૪૦, ૫૧, ૧૦૧ અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**<u>ગુરૂવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૧૦</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત રાજયના પૂર્વ મંત્રી સ્વ.ડો. કેશવભાઈ રતનજી પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ હ. ગોહિલ તેમજ સભ્યશ્રી દોલતરાય ના. દેસાઈ, નાયબ દંડક શ્રીમતી ઉષાબેન પટેલે સ્વર્ગસ્થને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવ્યો અને સદગતને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું. અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી ધીરસિંહ બારડે નિયમ–૧૧૬ અન્વયે, "તાજેતરમાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઝેરી મધમાખીઓનો ઉપદ્રવ વધી ગયો છે, અનેક માનવીઓ ઝેરી મધમાખીઓ કરડવાના કારણે તેના ભોગ બન્યા છે, જખ્મી બન્યા છે, તેમાં ખાસ ખેતી કામે જતા ખેડૂતો અને ખેતમજૂરો ભારે પરેશાની ભોગવી રહયા છે. મધમાખીઓ કરડવાથી મોત થવાના કેસો પણ નોંધાતા જાય છે, વધતા જાય છે. આ સંજોગોમાં ખેડૂતો અને ખેતમજૂરોમાં ફેલાયેલ ભય અને ગભરાટ" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય વન મંત્રશ્રી મંગુભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

શિક્ષણ વિભાગને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક–૮, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની માગણી ક્રમાંક–૯ માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરા, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની માગણી ક્રમાંક–૪૩, જેલને લગતી સેવા અંગેની જેલ વિભાગની માગણી ક્રમાંક–૪૪ તેમજ પરિવહનને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની માગણી ક્રમાંક–૭૪ માનનીય રાજયકક્ષાના ગૃહ, જેલ અને વાહન વ્યવહાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૨ થી ૮, માગણી ક્રમાંક–૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૯, ૧૨ થી ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૩ અને ૨૪, માગણી ક્રમાંક– ૪૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૧ થી ૩૪, ૩૬ અને ૩૮, માગણી ક્રમાંક–૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ થી ૪૫, માગણી ક્રમાંક–૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૪૬ થી ૪૯, ૫૧, ૫૩ થી ૫૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને કુલ ૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

શિક્ષણ વિભાગની ચર્ચાનો જવાબ શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ તેમજ ગૃહ, જેલ અને વાહનવ્યવહાર વિભાગની ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ગૃહ, જેલ અને વાહનવ્યવહાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક– ૨ થી ૯, ૧૨ થી ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૩ થી ૨૭, ૨૯, ૩૧ થી ૩૪, ૩૬, ૩૮, ૪૨, ૪૩, ૪૫ થી ૪૯, ૫૧, ૫૩ થી ૫૮મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંક– ૮, ૯, ૪૩, ૪૪ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજે સભાગૃહનું કામકાજ પૂરું થયા પછી વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ શાસકપક્ષના હોલમાં સાંજના ૫.૩૦ વાગ્યે બ્રહમાકુમારીઝ વિશ્વ વિદ્યાલય, નવી દિલ્હીના મુખ્ય પ્રવકતા બ્રહમાકુમારીઝ શિવાની બહેન પ્રસ્તુત, "આંતરિક શકિતઓ અને સુરક્ષાની અનુભૂતિ" વિષય પર એક પરિસંવાદનું આયોજન કરેલ છે. તો સૌ સભ્યશ્રીઓને આ પરિસંવાદમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવી, બ્રહમાકુમારીઝ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર કેન્દ્ર ધ્વારા આયોજિત આ આધ્યાત્મિક પરિસંવાદનો સૌ સભ્યશ્રીઓને લાભ લેવા અંગેની જાહેરાત કરી.

૬. **બિન સરકાર વિધેયકો**

(ક) દાખલ કરવાના બિન સરકારી વિધેયકો

(૧) સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, સન ૨૦૧૦નું ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સભ્યશ્રી રાકેશભાઈ શાહે, સન ૨૦૧૦નું ગુજરાત બિન નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(ખ) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન સરકારી વિધેયકો

(૧) સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક– ૬– સન ૨૦૦૮નું ગુજરાત રાજય સફાઈ કર્મચારી આયોગ વિધેયકના પ્રથમ વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી સહિત કુલ ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક–૭ –સન ૨૦૦૮નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયકના પ્રથમ વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય શિક્ષણ મંત્રીશ્રી સહિત કુલ ૩ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ આપ્યો.

ત્યારબાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૩) સભ્યશ્રી શંકરભાઈ ચૌધરીએ, સન ૨૦૦૯નું વિધેયક ક્રમાંક– ૨૦ –સન ૨૦૦૯નું ગુજરાત જાહેર ખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયકના પ્રથમ વાંચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી સહિત કુલ ૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્ય શ્રી શંકરભાઈ ચૌધરીએ આપ્યો.

ત્યારબાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછું ખેંચી લેવામાં આવ્યું.

## શુક્રવાર, તા.૧૯મી માર્ચ, ૨૦૧૦

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

સભ્યશ્રી રામસિંહ પ્ર. પરમારે, આજની પ્રશ્નોત્તરીમાં ૧૭૧ પ્રશ્નો પૂછાયા છે, દરેક સભ્યશ્રી પોતપોતાના વિસ્તારોની અંદર જે પ્રશ્નનો નિકાલ ન થયો હોય તે અંગે પ્રશ્ન પૂછીને એનું કામ થાય તે માટે પ્રશ્નો પૂછતા હોય છે. આજની પ્રશ્નોત્તરીમાં કેટલાક સભ્યશ્રીઓએ લંબાણથી પૂરક પ્રશ્નો પૂછયા અને તેના જવાબો પણ માનનીય મંત્રીશ્રી ધ્વારા લંબાણપૂર્વક અપાયા જેને કારણે વધુ પ્રશ્નો ચર્ચામાં આવી શકયા નહીં. તે બાબતમાં પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પાના નં.૨૧૪નો નિર્ણય ક્રમાંક–૩૨૭ ટાંકી સભ્યશ્રી રામસિંહ પરમારના મુદ્દાને સમર્થન કરી વધુમાં જણાવ્યું કે, માનનીય અધ્યક્ષશ્રીએ અભિનંદન અને અવતરણો માટે રૂલિંગ આપવા છતાં આજે પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન ત્રણ સભ્યશ્રીઓએ અભિનંદન આપ્યાં છે, જેથી અધ્યક્ષશ્રીના રૂલિંગ અને સભાગૃહનો પણ અનાદર થાય છે. સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પણ પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, પ્રશ્નોત્તરીનો સમય પ્રજાને સ્પર્શતા પ્રશ્નો પૂછવા માટેનો છે અને લોકશાહી માટે સૌથી અગત્યનો સમય છે તે સંસદીય પ્રણાલિકાઓમાં સ્વીકારેલી સત્ય હકીકત છે. તેમણે વધુમાં જણાવ્યું કે ઘણીવાર પ્રભારી સભ્યશ્રી ત્રણથી વધારે પૂરક પ્રશ્નો એકી સાથે પૂછતા હોય છે, તો કેટલીકવાર મંત્રીશ્રીઓ પણ જવાબ આપતી વખતે પોતાની અભિવ્યકિતના દબાણના કારણે છાપેલી વિગતોની પણ પુનરોકિત કરતા હોય છે. આથી પૂર્વભૂમિકા વિના પ્રશ્ન પૂછાય અને પૂર્વભૂમિકા વિના જવાબ અપાય અને લાંબો જવાબ હોય તો ટેબલ ઉપર મૂકવાની સ્વયં સમજ અપનાવવાની શીખ આપી. અગાઉના વર્ષોમાં સ્વ.બાબુભાઈ પટેલની પ્રશ્નનો જવાબ આપવાની પધ્ધતિનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીઓ ધ્વારા પ્રશ્નોના જવાબ ટૂંકા અપાય તે ઈચ્છનીય છે. પ્રશ્નોત્તરીમાં સૌ સભ્યશ્રીઓ ધ્વારા પૂરક પ્રશ્નો ટૂંકા પૂછાય અને મંત્રીશ્રીઓ ધ્વારા તેના ટૂંકા જવાબ અપાય તો પ્રશ્નોતરીના સમયને વધુ ન્યાય આપી શકીશું, એમ જણાવી સભ્યશ્રી રામસિંહ પરમારના પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખ્યો.

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

સભ્યશ્રી બાવકુભાઈ ઉધાડે નિયમ–૧૧૬ અન્વયે, "તાજેતરમાં જૂનાગઢ જિલ્લાના ઉના મુકામે આવેલ સુગર ફેકટરીના કામદારો તેમનો હકક–હિસ્સો મેળવવા ઉપવાસ ઉપર ઉતરતા અને બે કામદારોની તબિયત લથડતા આમજનતા અને કર્મચારી આલમમાં ફેલાયેલ રોષની લાગણી દૂર કરવા અને બંધ સુગર ફેકટરી ચાલુ કરાવવા" અંગે તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી દિલીપ સંઘાણીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. **નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા.**

(૧) ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના સન ૨૦૦૬–૨૦૦૭ અને સન ૨૦૦૭–૨૦૦૮ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૨) નવસારી કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૦૪–૨૦૦૫ નો વાર્ષિક ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાનું નિવેદન, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૩) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૦૮–૨૦૦૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

(૫) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ

(૬) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના સન ૨૦૦૬–૨૦૦૭ અને સન ૨૦૦૭–૨૦૦૮ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૭) ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૮) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૯) ઉદ્યોગ અને ખાણ વિભાગની

સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ અન્વયેની

(૧) તા.૩–૨–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક– જીએચયુ– ૦૯– ૪૫– એસઆઈઆર– ૧૧૨૦૦૯–૧૦૯૮૮૨– આઈ

(૨) તા.૧૬–૨–૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૧૦–૦૭–એસઆઈઆર– ૧૧૨૦૧૦–૮૧૪૫૦–આઈ

## ૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક–૮૫, માર્ગો અને પુલોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક–૮૬, ગુજરાત પાટનગર બાંધકામ યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક–૮૭, મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૧૦૫ માનનીય માર્ગ અને મકાન તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૮૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ થી ૪, માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંકઃ ૬ થી ૧૦, ૧૨ થી ૧૯, માગણી ક્રમાંક–૮૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૨૦ થી૨૨, ૨૪ થી ૨૭, માગણી ક્રમાંક–૧૦૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૨૮ થી૩૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને કુલ ૧૬ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય માર્ગ અને મકાન તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ થી ૪, ૬ થી ૧૦, ૧૨ થી ૨૨, ૨૪ થી ૩૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંક– ૮૫ ૮૬, ૮૭ અને ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## સોમવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૧૦

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

અગ્રતાક્રમ–૮ પરના તારાંકિત પ્રશ્નની ચર્ચા દરમ્યાન માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ વિરોધપક્ષની પાટલીઓ તરફથી બેઠા બેઠા થયેલ કોમેન્ટનો જવાબ આપતાં, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે તેની સામે વાંધો લઈ અધ્યક્ષશ્રીની કાર્યશૈલી અને પદના ગૌરવ સાથે યોગ્ય ન હોય તેવા અરૂચિકર શબ્દોનું ઉચ્ચારણ કરતા માનનીય અધ્યક્ષશ્રીએ, "અધ્યક્ષશ્રીને આ રીતે સલાહ આપવી યોગ્ય નથી" એમ જણાવી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના આ શબ્દો અરૂચિકર અને ઉચિત નથી એમ જણાવી અહેવાલમાંથી દૂર કર્યા.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે સંજોગોમાં શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું તે અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, તેમનો ઈરાદો સલાહ આપવાનો ન હતો, પરંતુ અધ્યક્ષશ્રીએ અપનાવેલ માપદંડના પાલનનો હતો અને તેઓ હમેશાં અધ્યક્ષના પદનું સન્માન કરે છે.

## ૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી સી.કે.રાઉલજીએ નિયમ–૧૧૬ અન્વયે, "તાજેતરમાં આણંદ જિલ્લાના બોરસદ નગરમાં ટાઉનહોલ પાસે વિદેશી દારૂ– બિયરનો મોટો જથ્થો પકડી પાડેલ છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં બેરોકટોક અને ખુલ્લેઆમ દારૂનો વેપાર કરતા બુટલેગર સામે સ્થાનિક પોલીસ ધ્વારા પગલાં ન લેવાતાં હોવાથી વીજીલન્સ સ્કવોર્ડે દરોડો પાડેલ છે. આમ જવાબદાર સ્થાનિક પી.આઈ. સામે સરકારના હુકમો મુજબ પગલાં ન લેવાતાં હોવાથી આ વિસ્તારના રહેવાસીઓમાં ઉભી થયેલ અજંપા, અસલામતી અને નિરાશાની લાગણી દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોર્યું.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

## ૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૭૦, ગ્રાહ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૭૧ માનનીય પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે તેમજ સામાજીક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંક–૯૨,

અનુસૂચિત જાતિઓ માટે પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી ક્રમાંક–૯૫ માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૭૦ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ થી ૪, ૬, ૮ થી૧૪, માગણી ક્રમાંક–૭૧ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંકઃ ૧૫ થી ૧૭ અને ૧૯, માગણી ક્રમાંક–૯૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૨૦ થી ૨૪, ૨૬ થી ૩૦, ૩૨, ૩૪ થી ૩૯, માગણી ક્રમાંક–૯૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૪૦ થી ૪૮, ૫૦ અને ૫૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને કુલ ૧૯ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની ચર્ચાનો જવાબ માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ થી ૪, ૬, ૮ થી ૧૭, ૧૯ થી ૨૪, ૨૬ થી ૩૦, ૩૨, ૩૪ થી ૪૮, ૫૦ અને ૫૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંક– ૭૦, ૭૧, ૯૨ અને ૯૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>મંગળવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૧૦</u>
## <u>પહેલી બેઠક</u>

૧. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

૨. મહેસૂલને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક–૭૬, જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક–૭૮, કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક–૭૯ માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે તેમજ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણી ક્રમાંક–૯૮, માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૭૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૫, ૬ અને ૮, માગણી ક્રમાંક–૭૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંકઃ ૯, થી ૧૧ અને ૧૪, માગણી ક્રમાંક–૭૯ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૫, ૧૬ અને ૧૮, માગણી ક્રમાંક–૯૮ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧૯, ૨૦, ૨૨ થી ૨૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કુલ ૨૦ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

મહેસૂલ વિભાગની ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે તેમજ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની ચર્ચાનો જવાબ માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૫, ૬, ૮ થી ૧૧, ૧૪ થી ૧૬, ૧૮થી ૨૦, ૨૨ થી ૨૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંક– ૭૬, ૭૮, ૭૯ અને ૯૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>બીજી બેઠક</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

૨. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ગુજરાત રાજયના પૂર્વ નાયબ મંત્રીશ્રી પરસોત્તમભાઈ રવજીભાઈ મકવાણાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલ, સભ્યો સર્વશ્રી કાંતિભાઈ લકુમ, શ્રી કાનજીભાઈ તળપદા, શ્રી રણછોડભાઈ મેર, શ્રી બાબુભાઈ મે. શાહ અને શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ આ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવ્યો અને સદગતને અંજલિ આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું. અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સદગતના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૩. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

(૧)માનનીય મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાએ, આજની પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રશ્ન અગ્રતાક્રમ–૫ના જવાબથી સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાએ અસંતોષ વ્યકત કરી સભાગૃહમાં પોતાના સ્થાન ઉપર ઉભા રહી વિરોધ પ્રદર્શન કરીને સભાગૃહનું અને અધ્યક્ષશ્રીના આદેશોનું અવમાન કરેલ છે, એમ જણાવી અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ પુસ્તકના પાના નં.૫ ૫રનો નિર્ણય ક્રમાંક–૮ ટાંકી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ અને ૫૨ ટાંકી પોતાનું મંતવ્ય વ્યકત કરી સભ્યશ્રી ધ્વારા થયેલ વર્તન બદલ દિલગીરી વ્યકત કરી. પ્રસ્તુત મુદ્દામાં માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો– ૧૯૮૫ થી ૨૦૦૨ પુસ્તકના પાના નં.૧૦૫ ૫રનો નિર્ણય ટાંકી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાએ પણ પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાને બે ભાગમાં વહેંચીને માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો તેના માટે કોઈ ફરજ પાડી શકાતી નથી. સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાને મંત્રીશ્રીના જવાબથી સંતોષ ન થયો હોય તો આપણા નિયમોના નિયમ–૯૨ પ્રમાણે અથવા બીજી કોઈ રીતે ચર્ચા ઉપસ્થિત કરી શકાય. સભ્યશ્રીએ આમ કરવાને બદલે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન પોતાના સ્થાન ઉપર ઉભા રહીને વિરોધ પ્રદર્શન કર્યું છે અને તેનાથી સભાગૃહનું અને અધ્યક્ષના આદેશનું અવમાન થયેલ છે. અગાઉના અધ્યક્ષશ્રીઓના નિર્ણયો આ સંદર્ભમાં પણ છે એમ જણાવી માનનીય મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખીને, સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાને દિલગીરી વ્યકત કરવાનો આદેશ આપતાં સભ્યશ્રી જવાહરભાઈ ચાવડાએ દિલગીરી વ્યકત કરી.

(૨) માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, અધ્યક્ષશ્રીએ તાજેતરમાં પ્રશ્નોત્તરી કાળમાં વિશેષણો કે વક્રોકિત ન કરવા અંગે આપેલ રૂલિંગ ટાંકી આજની પ્રશ્નોત્તરી દરમ્યાન સભ્યશ્રી પ્રફુલ્લભાઈ પટેલ તેમજ શ્રી કનુભાઈ ભાલાળાએ મુખ્યમંત્રીશ્રી અને સરકારને અભિનંદન આપેલ છે, તેનાથી અધ્યક્ષના આદેશનું અવમાન થયેલ છે, એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી સંબંધિતો પાસે દિલગીરી વ્યકત કરાવવા માટે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, બન્ને સભ્ય શ્રી પ્રફેલ્લભાઈ પટેલ અને શ્રી કનુભાઈ ભાલાળાને આ રૂલિંગ લાગુ પડે છે, તેમ જણાવી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ગ્રાહય રાખ્યો. માનનીય મુખ્ય દંડકશ્રી પ્રદિપસિંહ જાડેજાએ બન્ને સભ્યશ્રીઓ વતી દિલગીરી વ્યકત કરી.

૪. (૧) જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી અનિલકુમાર પટેલે સમિતિનો નવમો, દશમો અને અગિયારમો અહેવાલ રજૂ કર્યો.

(૨) બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્ય શ્રી પ્રફુલ્લભાઈ પટેલે સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કર્યો.

૫. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી પ્રફુલ્લભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે,–

"આ સભાગૃહ, બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (દશમો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની માગણી ક્રમાંક–૨, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની માગણી ક્રમાંક–૪, સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની માગણી ક્રમાંક–૫, મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની માગણી ક્રમાંક–૬ માનનીય કૃષિ અને સહકાર તેમજ મત્સ્યોદ્યોગ વિભાગના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૨ થી ૫, ૭ થી ૧૦, માગણી ક્રમાંક–૪ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંકઃ ૧૧, ૧૩ થી ૧૮, માગણી ક્રમાંક–૫ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૯, ૨૦, ૨૩, ૨૫ થી ૨૮, માગણી ક્રમાંક–૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૨૯ થી ૩૨, ૩૪ અને ૩૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને કુલ ૧૬ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય કૃષિ અને સહકાર તેમજ મત્સ્યોદ્યોગ વિભાગના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક– ૨ થી ૫, ૭ થી ૧૧, ૧૩ થી ૨૦, ૨૩, ૨૫ થી ૩૨ ૩૪ અને ૩૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંક– ૨, ૪, ૫ અને ૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**<u>ગુરૂવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૧૦</u>**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

પહેલી અને બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની માગણી ક્રમાંક–૨૬, પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની માગણી ક્રમાંક–૨૭, અનુસૂચિત આદિજાતિઓના કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૯૩, આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની માગણી ક્રમાંક–૯૬ માનનીય વન, પર્યાવરણ અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે રજૂ કરી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૨૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ થી૧૦, માગણી ક્રમાંક–૨૭ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક– ૧૧, ૧૨, ૧૪ થી ૧૮, માગણી ક્રમાંક–૯૩ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૧૯ થી ૩૧, માગણી ક્રમાંક–૯૬ ઉપરની કાપ દરખાસ્તો ક્રમાંક–૩૩ થી ૩૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને કુલ ૯ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૩. **સૂત્રોચ્ચાર અને સભાત્યાગ**

શ્રી અમરસિંહ વસાવાનું પ્રવચન પૂરૂ થવાના તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે સુરત જિલ્લો અને આદિવાસી વિસ્તારોમાં જેમને જમીન મળી નથી એવા લોકો માટે લડનારા સામાજીક સેવકોને નકસલવાદી છે એમ કહીને પૂરવામાં આવે છે, એવી રજૂઆત કરતાં, વિરોધપક્ષના સભાગૃહમાં ઉપસ્થિત રહેલા સભ્યશ્રીઓ તેમની સાથે જોડાઈ પોતાના સ્થાન ઉપર ઉભા થઈ સતત સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

૪. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ નકસલવાદનો ઉલ્લેખ કરી રજૂઆત કરી તેની સામે વાંધો લઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉભો કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ તેઓશ્રી રેકર્ડ ચકાસી નિર્ણય આપશે એમ જણાવ્યું.

૫. **માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય**

માનનીય અધ્યક્ષશ્રીએ, તા.૯–૩–૨૦૧૦ના રોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા શરૂ થવાના તબકકે સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુલતવી રાખેલ નિર્ણય આપતાં જણાવ્યું કે, તેઓશ્રી માનનીય નાણા મંત્રીશ્રીએ, "અગાઉ સ્થિર અને ચાલુ ભાવે પત્રકો આપતા હતા એટલે દર વર્ષે તે મુજબના પત્રકો આપવાની રાજવિત્તિય જવાબદારી અધિનિયમ મુજબ બંધનકર્તા નથી." એ મુજબ આપેલ મંતવ્ય સાથે સંમત થઈ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો.

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશઃ)**

ચર્ચાનો જવાબ માનનીય વન, પર્યાવરણ અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી મંગુભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક– ૧ થી ૧૨, ૧૪ થી ૩૧, ૩૩ થી ૩૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ, માગણી ક્રમાંક– ૨૬, ૨૭, ૯૩ અને ૯૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. **બિન સરકારી સંકલ્પો**

(૧) સભ્યશ્રી કાળુભાઈ રાઠોડે, "રાજય સરકાર ધ્વારા મહિલાઓનો વિકાસ આર્થિક પ્રવૃત્તિ સાથે સાંકળી સમાજમાં મહિલાઓને અલગ અને આગવું અસ્તિત્વ મળે તે માટે સ્વર્ણિમ વર્ષમાં સખીમંડળનો જે અભિગમ અપનાવ્યો છે તે હજુ વધારે વિસ્તૃત બને અને સમાજોપયોગી બને તે માટે વધુ અસરકારક પગલાં લેવા" અંગેનો રાજય સરકારને અનુરોધ કરતો સંકલ્પ રજૂ કર્યો અને તેના ઉપર પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

ત્યારબાદ માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી સહિત કુલ ૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્યશ્રી કાળુભાઈ રાઠોડે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિનાવિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી ઋષિકેશ પટેલે, "જૈવિક ખાતરનો વપરાશ વધારવા માટે કૃષિ મહોત્સવ દરમ્યાન કરેલા પ્રચાર અને પ્રસાર તેમજ વખતોવખત આપેલ માર્ગદર્શન અંગેના રાજય સરકારે કરેલા પ્રયાસોને આ સભાગૃહ આવકારે છે અને હજી પણ જૈવિક ખાતરોનો વપરાશ વધે તે માટે ઘનિષ્ઠ પ્રયાસો કરવા" અંગેનો સંકલ્પ રજૂ કર્યો અને તેના ઉપર પોતાનાં મંતવ્યો વ્યકત કર્યા.

ત્યારબાદ માનનીય કૃષિ મંત્રીશ્રી સહિત કુલ ૯ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્ય શ્રી ઋષિકેશ પટેલે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

## <u>શુક્રવાર, તા.૨૬મી માર્ચ, ૨૦૧૦</u>

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

સભ્યશ્રી અમરસિંહ વસાવાએ નિયમ-૧૧૬ અન્વયે, "તાજેતરમાં ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના થવા ગામે પી.ટી.સી. કોલેજમાં ઈલેકિટ્રક શોર્ટ સર્કિટના કારણે અંદાજે ત્રેવીસ જેટલી વિદ્યાર્થીનીઓ દાઝી ગયેલ છે. દાઝી ગયેલ આ યુવતીઓને દવાખાને સારવાર માટે દાખલ કરેલ છે. કોલેજના નબળા વાયરીંગના કારણે આ ઘટના બની છે અને તે પણ પરીક્ષાની પૂર્વ તૈયારી ચાલી રહી હતી તેવા સમયે ઘટના બનેલ છે, જેમાં દ્યાજી ગયેલ વિદ્યાર્થીનીઓ પરીક્ષામાં ભાગ લઈ શકશે કે કેમ તેવી ગંભીર બાબત ઉભી થઈ છે ત્યારે વિદ્યાર્થીનીઓ અને વાલીઓમાં વ્યાપેલ રોષ અને ભયની લાગણી દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણલાલ વોરાએ પોતાનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. **પોઈન્ટ ઓફ ઓર્ડર**

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે, સામાન્ય રીતે અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી અને નામદાર રાજયપાલશ્રી વિશેના પ્રશ્નો પૂછી શકાતા નથી. આમછતાં આજની પ્રશ્નોત્તરીમાં અગ્રતાક્રમ- ૧૨૧, ૧૨૮, ૧૩૭ અને ૧૪૩ પરના પ્રશ્નો વિરોધપક્ષના નેતાશ્રીના સંદર્ભમાં પૂછવામાં આવ્યા છે, તેની સામે વાંધો લઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

પ્રસ્તુત મુદ્દામાં માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી અમિતભાઈ શાહ, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તેમજ સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ, આ મુદ્દો અભ્યાસ માગી લે તેવો છે કારણ કે વિરોધપક્ષના નેતાશ્રીના નિવાસસ્થાનનો મરામતમાં જે ખર્ચ થયો છે તે વિધાનસભાની ગ્રાન્ટ કે જેની માગણીઓ સભાગૃહ બિનમતપાત્ર રીતે મંજૂર કરે છે તેમાંથી થયો છે કે માર્ગ અને મકાન વિભાગની ગ્રાન્ટ કે જેની માગણીઓ મતપાત્ર છે, તેમાંથી થયો છે તે મહત્વનું છે, અહીં વિરોધપક્ષના નેતાશ્રીના નિવાસસ્થાનના મરામતનો થયેલ ખર્ચ માર્ગ અને મકાન વિભાગની ગ્રાન્ટમાંથી થયો છે, જે મતપાત્ર છે. જો વિધાનસભાની ગ્રાન્ટમાં આવતો હોત તો આ પ્રશ્નો વિધાનસભા સચિવાલયે જ નામંજૂર કરી અને દાખલ કર્યા ન હોત. આમછતાં આ મુદ્દામાં તેઓશ્રી લોકસભાના સંદર્ભમાં પૂરી ચકાસણી કરીને નિર્ણય લેશે, એમ જણાવ્યું.

૪. **નીચેના કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકાયા**

(૧) ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

